


આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ○ વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- ○ Publication 2nd of Every Month


# ઘરશાળા


સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૩ • અંક : ૧૨


સળંગ અંક : ૧૦૦૦

માર્ચ-૨૦૨૪


## વસંત

**સરસપુર અને અસારવા કેમ્પસમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ જેમાં મુખ્ય મહેમાન તરીકે
૧૯૮૮ની બેચના સારસ્વત શ્રી શૈલેષભાઈ સાવલીયા અને
૧૯૭૫ની બેચના સારસ્વત ડૉ. શ્રી મહેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.**








**બાલવિહારમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી**






# ઘરશાળા

વર્ષ : ૮૩

સળંગ અંક : ૧૦૦૦ માર્ચ-૨૦૨૪

સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જ્યોતીન્દ્રભાઈ દવે, રાજુભા ઝાલા

સહતંત્રી : અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન : કે. ડી. પટેલ

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમિતાબહેન પાલખીવાલા

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮
ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩

## અનુક્રમ

यह रागी हुई अभागी क्यों? अनिलसिंह तोमर/४

સંપાદકીય - ASER - ૨૦૨૩માં ગુજરાત જ્યોતીન્દ્રભાઈ દવે/૫

છાત્રમાત્રના વહાલા બાપુજી
આચાર્ય ડોલરભાઈ માંકડ (ડો'કાકા) ઈશ્વર પરમાર/ ૭

''મિરેકલ મિલેટ્સ - કંગની ''
(કાંગ - Foxtail Millet) પાલખીવાલા અમિતા મનુભાઈ/૧૬

મંદિરમાં : 'બાલ દેવો ભવ' હિરજીભાઈ નાકરાણી/૧૯

માતૃભાષા ખોઈશું તો-
સર્જકત્વ, પ્રત્યાયન અને સંસ્કૃતિનો હ્રાસ! કુમારપાળ દેસાઈ/૨૩

ગંગામૈયા સાભાર-કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય/૨૬

સાહસોનો સ્વપ્નદૃષ્ટા (જુલેવર્ન) મહેન્દ્ર મેઘાણી/૨૮

શિક્ષણ જ છે, જે દેશનું ભાગ્ય બદલી શકે!
'શિક્ષણના માધ્યમથી યુગ પરિવર્તનનો કોલ' વિઠ્ઠલ વઘાસીયા/૩૧

સ્વતંત્રતાની સાથે સાથે ભાષા પરિવર્તન અશોકભાઈ સોમપુરા/૩૩

શિક્ષણનો સાચો ધર્મ ગોવિંદ દરજી 'દેવાંશુ'/૩૫

મતભેદ અને શિષ્ટતા કાકાસાહેબ કાલેલકર/૩૭

શિક્ષકના પ્રકારો સ્વામી નિખિલેશ્વરાનંદ/૩૯

શિક્ષણ સમાચાર - અશોકભાઈ સોમપુરા/૪૦

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઑફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

*पुराने देसी अनाजों के संबंध बहुत ही सुंदर कविता*

## यह रागी हुई अभागी क्यों ?

यह 'रागी' हुई अभागी क्यों ? चावल की किस्मत जागी क्यों ?
जो 'ज्वार' जमी जन-मानस में, गेहूँ के डर से भागी क्यों ?

यूँ होता श्वेत 'झंगोरा' है। यह धान सरीखा गोरा है।
पर यह भी हारा गेहूँ से, जिसका हर कहीं ढिंढ़ोरा है।

जाने कितने थे अन्न यहाँ ? एक-दूजे से प्रसन्न यहाँ।
जब आया दौर सफेदी का, हो गए मगर सब खिन्न यहाँ।

अब कहाँ वो 'कोदो' 'कुटकी' है ? साँवों की काया भटकी है।
संन्यासी हुआ 'बाजरा' अब, गुम हुई 'काँगणी' छुटकी है।

अब जिसका रंग सुनहरा है। सब तरफ उन्हीं का पहरा है।
अब कौन सुने मटमैलों की, गेहूँ का साया गहरा है।

यह देता सबसे कम पोषण। और करता है ज्यादा शोषण।
तोहफे में दिए रसायन और माटी-पानी का अवशोषण।

यह गेहूँ धनिया-सेठ बना। उपभोगी मोटा पेट बना।
जो हज़म नहीं कर पाए हैं, उनकी चमड़ी का फेट बना।

अब आएँगे दिन रागी के। उस 'कुरी', 'बंटी' बैरागी के।
जब 'राजगिरा' फिर आएगा और ताज गिरें बड़भागी के।


जब हमला हो हमलाई का। छँट जाए भरम मलाई का।
चीनी पर भारी 'चीना' हो, टूटेगा बंध कलाई का।

बीतेगा दौर गुलामी का। गोरों की और सलामी का।
जो बची धरोहर अपनी है, गुज़रा अब वक्त नीलामी का।

**- अनिलसिंह तोमर**

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## ASER - 2023માં ગુજરાત

**પૂર્વભૂમિકા :**

આપણે આઝાદીનો જશ્ન ''પ્રજાસત્તાક દિન'' ખૂબ જોર-શોર અને ભારે ઉત્સાહપૂર્વક મનાવ્યો. રાજ્ય અને દેશના નેતાઓએ જે-તે સ્થળે ધ્વજવંદન કરી અને સંતોષ અનુભવ્યો. આ સંતોષ સાથે ભૂતકાળની આઝાદી મેળવવા માટેની ઘટનાઓ, રાજપુરુષોના ચરિત્રો અને મન રાજી થાય એવા, ગીતોએ આપણને ખુશ કર્યા.

હવે આપણે બીજું પણ વિચારવું રહ્યું. આપણા દેશની શિક્ષણની ગુણવત્તા અંગે વિચાર કરવાની જરૂર છે. આ દેશનો દોર ભવિષ્યમાં જેમના હાથમાં જવાનો છે. તેવા નાગરિકોના શિક્ષણ-ભણતર-ઘડતરની ચિંતાને આજે ભારે લૂણો લાગ્યો છે. બાળકો કેવું અને કેટલું ભણે છે, તેમની સ્થિતિ કેવી છે? એવો વિચાર કરનારા સંઘો અને શિક્ષણ સંસ્થાઓ બહુ ઓછી છે. આવા સમયે શૈક્ષણિક સ્થિતિનો વિવિધ પાસાં દ્વારા અભ્યાસ કરી તેનો રિપોર્ટ રજૂ કરનારાઓ રણમાં વિરડી સમાન છે.

આવા રિપોટ આપણા માટે અરીસા સમાન છે. જે આપણને સાંપ્રત સમયની આપણી શિક્ષણની સાચી સ્થિતિનો અહેસાસ કરાવે છે.

**વિષય પ્રવેશ : ASER - 2023**

પ્રથમ એજ્યુકેશન ફાઉન્ડેશન, વર્ષ - 2005થી દેશમાં શિક્ષણની સ્થિતિ અંગેનો વાર્ષિક અહેવાલ દર બે વર્ષે રજૂ કરે છે. ચાલુ વર્ષનો 2023નો ASER - 2023 (Annual Status of Education Report-2023) પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં 14 થી 18 વર્ષની વયના ગ્રામીણ વિદ્યાર્થીઓના શિક્ષણની પરિસ્થિતિની માહિતી આપવામાં આવી છે. આ રિપોર્ટનો ડેટા 2021-22ના ડાયસના આંકડાનો આધાર રાખી રજૂ કરાયો છે. આ અભ્યાસનો હેતુ 14 વર્ષની ઉંમરે વિદ્યાર્થી પ્રાથમિક શિક્ષણ મેળવી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવવા જાય છે. ત્યારે તેની અભ્યાસની ક્ષમતા શું છે તે જાણવાનો છે.

આપણે જાણીએ છીએ તે મુજબ આપણા દેશમાં અન્ય દેશોની સરખામણીમાં યુવાનોની સંખ્યા વધુ છે. આ યુવાનોની શિક્ષણ ક્ષમતા જાણવી પણ એટલી જ જરૂરી છે.

આ તમામ પાસાઓનો વિચાર કરી ''પ્રથમ'' દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ઉપરોક્ત રિપોર્ટમાં ગુજરાતના મહેસાણા જિલ્લાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ 14 થી 16ની વય જૂથના 13.8 ટકા બાળકો આગળ અભ્યાસ કરવાનું પસંદ કરતા નથી. જ્યારે 17 થી 18ની વય જૂથના બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો 39.1 ટકા છે. જ્યારે સમગ્ર 14 થી 18ની વય જૂથના બાળકોમાં 22.7 ટકા બાળકો ઉચ્ચ અભ્યાસ કરતા નથી. ગૌરવની વાત એ છે કે 2014માં ડ્રોપ આઉટ રેશિયો 30.2 હતો જે

ઘટીને 2022માં 8 ટકા થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો આ વયજૂથમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. આમાં વધુ ચિંતા કરવા જેવી બાબત એ છે કે 14 થી 18ની વયજૂથના બાળકોમાં 27 ટકા બાળકો ઘરના કામ ઉપરાંત બીજા અન્ય કામો કરે છે. આ જૂથના બાળકોમાંથી 5.7 ટકા બાળકો વોકેશનલ ટ્રેનિંગ મેળવે છે. નવી એજ્યુકેશન પોલિસીમાં આ પરિસ્થિતિ આપણા માટે પડકારરૂપ બની રહેશે.

**શિક્ષણની ગુણવત્તા :** મહેસાણા જિલ્લાના 14 થી 16ની વય જૂથના વિદ્યાર્થીઓમાંથી 12 ટકા અને 17 થી 18ની વયજૂથના 15 ટકા બાળકો ધોરણ-2ના પાઠ્ય વાંચી શકે છે. જ્યારે સાદા ગુણાકાર-ભાગાકારમાં 14 થી 16ની વયજૂથના બાળકોમાંથી માત્ર 47 ટકા અને 17 વથી 18ની વયજૂથના બાળકોમાંથી 52 ટકા વિદ્યાર્થીઓ સાદા-ગુણાકાર-ભાગાકાર કરી શકતા નથી. આ પ્રમાણે 37 ટકા 14 થી 16ની વયજૂથના બાળકો અને 35 ટકા 17 થી 18ની વયજૂથના બાળકો સાદા અંગ્રેજી વાક્યો પણ વાંચી શકતા નથી.

ઉપરોક્ત સ્થિતિ ગુજરાતના મહેસાણા જિલ્લાની છે. જે અન્ય જિલ્લાના પ્રમાણમાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે સુખી જિલ્લો છે. માટે અન્ય પછાત જિલ્લાની પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક હશે તેમ માનવું રહ્યું.

અન્ય વિકસિત રાજ્યોની સરખામણીમાં ગુજરાતના શિક્ષણનું સ્તર નીચું રહ્યું છે. સમગ્ર દેશમાં ધોરણ-5માં અભ્યાસ કરતા બાળકોમાંથી 24.5 ટકા બાળકો અંગ્રેજીના વાક્યો વાંચી શકે છે. જ્યારે ગુજરાતમાં માત્ર 8.2 ટકા ધોરણ-5ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વાક્યો વાંચી શકે છે.

આ સમગ્ર રિપોર્ટ મહેસાણા જિલ્લાનો છે. નવી એજ્યુકેશન પોલિસીનો અમલ થઈ ચૂક્યો છે. ત્યારે ખાસ કરીને 17 થી 18ની વયજૂથના ગુજરાતના વિદ્યાર્થીઓનું ભાવિ ઉચ્ચ શિક્ષણમાં શું હશે તેની ચિંતા ગુજરાતના શિક્ષણશાસ્ત્રીઓ અને સરકારે કરવી જોઈએ. ખૂબ જ મોટા અને કઠોર નિર્ણયો આ અંગે કરવાની જરૂર છે. સુખી ઘરના સુખી બાળકો તો રસ્તો શોધી લેશે પણ ગામડામાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો ભવિષ્યમાં ક્યાં હશે?

સૌ માટે વિચાર કરતો આ યક્ષ પ્રશ્ન છે.

**સમાપન :** જે પદ્ધતિથી હાલ શિક્ષણ ચાલી રહ્યું છે. તેમાં જ્ઞાન, ચારિત્ર્ય, સંસ્કૃતિ અને વધારે રોજગારીનું ઉમેરણ થાય તેમજ શિક્ષણના વ્યાપ સાથે વધુમાં વધુ વાલીઓ, વિદ્યાર્થીઓ ગુણવત્તા-સભર શિક્ષણની આવશ્યક્તાને સમજતા થાય એ આજના સમયની તાતી માંગ છે.

વધુમાં પ્રાથમિકથી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સુધીની તેની શિક્ષણયાત્રા અટકી ન પડે અને તેમાં ગુણવત્તાનો સતત ઉમેરો થાય એ ઈચ્છવા જોગ છે. કારણ કે 16 થી 18ની વય જૂથના બાળકો ધીમે ધીમે ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવાના છે. આથી આપણે સામાન્ય ગરીબ અને મજૂરોના બાળકોનો પણ વિચાર કરીએ. તેમનામાં શૈક્ષણિક ક્ષમતા વિકસે તે માટે તેમના હામી બનીએ. એમ થાય તો જ આપણાં દેશને સારા નાગરિકો મળી રહેશે.

આવી આશા સાથે રિપોર્ટના આંકડાઓથી વ્યાપેલી નિરાશા દૂર કરવામાં સૌ સક્રિય થાય એવી શુભકામના.

# છાત્રમાત્રના વહાલા બાપુજી
# આચાર્ય ડોલરભાઈ માંકડ (ડો'કાકા)

- ઈશ્વર પરમાર

તીર્થધામ દ્વારકા નજીકના ઓખા ગામની હાઈસ્કૂલમાં હું નોકરી કરતો હતો; તે ગાળે તા. 29 ઑગસ્ટ, 1970ની રાતે રેડિયો-ન્યુઝમાં સાંભળ્યું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર આચાર્યશ્રી ડોલરભાઈ માંકડનું અવસાન થયું છે! તે વખતે હજુ વાળુ કરવા બેઠો જ હતો; ત્યાર પછી મારાથી હાથે લીધેલ કોળિયો મોંમાં મૂકી શકાયો નહીં; અકળાવતો અફસોસ તો એ વાતે હતો કે એ વખતે અનરાધાર વરસાદ હોવાને લીધે વાહનવ્યવહાર થંભી ગયા હતા તેથી તા. 30ના મારાથી બાપુજીને છેલ્લી હાથ-જોડ કરવા અલીઆબાડા પહોંચી જવાનું બની શક્યું નહીં. અનેક પૂર્વ-છાત્રોની જેમ હું પણ બાપુજીને અનેક સંભારણાં સાથે ઘર-ખૂણે ખોડાઈ રહ્યો!

જન્મ એમનો કચ્છ જંગી ગામે. જન્મતારીખ 23-1-1902 (પોષી પૂનમ). વતન જામનગર, જિલ્લા જોડિયા. માતા અજવાળી બહેન. વાંચ્યા વિના ઊંઘે નહીં. ગ્યાસતેલના ટમટમિયામાં ભક્તિભીના અક્ષરો ઉકેલે' ને અંતરે ઉતારે. પિતાજી રંગીલદાસ મેટ્રિક સુધી ભણ્યા હતા. એમણે રેવન્યુ ક્વોલિફાઈંગની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ કરી હતી. કસ્ટમ ખાતામાં જ રહીને મોટેભાગે જોડિયા ગામમાં નોકરી બજાવી.

એમનાં બીજા ક્રમના સંતાન ડોલરરાયનું પ્રાથમિક શિક્ષણ જોડિયામાં અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાં આલ્ફ્રેડ અને સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં થયું. ઉચ્ચ શિક્ષણ માટે બે વર્ષ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ભણ્યા અને પછી કરાંચી ગયા. અહીં ડી. દે. સિંધ કૉલેજમાંથી બી.એ. (1924) અને એમ.એ. (1927) થયા. ઉચ્ચ અભ્યાસના એમના વિષયો સંસ્કૃત અને ગુજરાતી. (યુનિવર્સિટી : મુંબઈ).

એમ.એ. થવાની સાથે તેઓ સિંધ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. આ વખતે એમનો પહેરવેશ કાઠિયાવાડી ફેંટો, કોટ અને ધોતિયું. જ્યારે કૉલેજના અન્ય અધ્યાપકો સૂટેડ-બૂટેડ! રાષ્ટ્રીય પ્રવૃત્તિનો પ્રભાવ ઝીલીને એમણે ખાદી અપનાવી. પરિવારના પ્રેમાઆગ્રહને વશ થઈને એમણે ખાદીનો સૂટ પહેર્યો ખરો, પણ પછીથી ખાદીની ટોપી, કોટ ને ધોતિયાંનો પહેરવેશ અપનાવ્યો.

કૉલેજના બે દાયકા (1927-47) દરમિયાનની અધ્યાપક તરીકેની કારકિર્દી દરમિયાન તેઓ કરાંચીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહ્યા. અહીંથી એમણે સાહિત્યિક પત્રિકા 'નાગરિક' અને 'ઊર્મિ'નું પ્રકાશન કર્યું. ગુજરાત સાહિત્યસભાનું સંચાલન કરતા અને સંસ્કૃત પ્રારંભિકના વર્ગો લેતા. કરાંચી ખાતે સાહિત્ય પરિષદ (1937)ના અધિવેશનમાં તેઓ વગર હોદ્દે સક્રિય રહ્યા હતા. સંસ્કૃત એસોસિએશનનો પાયો નાખ્યો.

કરાંચી કૉલેજમાં ડોલરભાઈ વિભાગ-અધ્યક્ષ હોવા છતાં, પોતે બી.એ.ના જનરલ વર્ગો લે અને ઓનર્સના વર્ગો જુનિયર અધ્યાપકોને લેવા. દે. મુંબઈથી આવેલ ઈન્સ્પેક્શન કમિટિને આ ગોઠવણ વિચિત્ર લાગી. એ બાબતનો ખુલાસો કરતાં ડોલરભાઈ કહે 'અધ્યાપનમાં પદ, પ્રતિષ્ઠા કે પદવીનું એટલું મહત્ત્વ નથી જેટલું અધ્યાપકની પોતાના વિષયને ન્યાય આપવાની ક્ષમતાનું.'

એક ઇન્સ્પેક્ટરે આ ખુલાસો સાંભળીને હર્ષપૂર્વક કહ્યું, 'તમારા જેવા ઉપરીઓ મેં હજુ જોયા નથી. બીજા તો હાથ નીચેના જુનિયર અધ્યાપકો પાસે કામ કઢાવી યશ ખાટી જનારા. તમારી વિદ્યાનિષ્ઠા સાચે જ અનુકરણીય છે, અભિનંદનીય છે.'

ડોલરભાઈની વિદ્યાનિષ્ઠા તો એવી હતી કે કૉલેજમાં ભણવા ઉપરાંત એક બે જિજ્ઞાસુ કે નબળા કૉલેજિયન એમને ઘેર ભણવા હાજર થતા. ડોલરભાઈ એમની પાસેથી ટ્યુશન-ફી ન લેતા. હા, તેઓ તેમને ચા પાતા, જો તેઓ બગાસું ખાતાં નજરે પડે તો!

આ રીતે ભણવા આવતી અને પરિવારજન સમી બનેલી એક વિદ્યાર્થિનીને તેના લગ્ન વખતે તેને બે પુસ્તકો ભેટ આપતી વખતે કહ્યું, 'બહેન, લગ્નજીવન એ વિદ્યાર્થીજીવનની પૂર્ણાહૂતિ નથી, આ યાદ રહે તે માટે આ ભેટ.'

'આનો, આવા ભાવનો બદલો હું કેવી રીતે ચુકવીશ?'

'કુરંગીબહેન, મેં જે આપ્યું છે, તમે બીજાને આપતા રહેજો. સત્કાર્યનું ચક્ર આમ ચાલતું રહેવું જોઈએ.'

સને 1945ના ગાળે ડોલરભાઈને એમ થયા કરતું હતું કે સિંધ-કરાંચીના ગુજરાતીઓને હવે પોતાના મૂળ વતન તરફ જવું જોઈએ. કેમ કે સિંધમાં ગુજરાતીઓનું સ્થાન ગૌણ થતું જણાતું હતું. તેઓ પોતાની આ પ્રતીતિ ગુજરાતી મિત્રોને કહેતા પણ ખરા. છેવટે એમણે કરાંચી છોડવાનો નિર્ણય લીધો. (1947) તેમણે હવે 'વિદ્યાનગરના વિશ્વકર્મા' પ્રેમાળ આગ્રહને માન આપીને કરમસદ-વલ્લભવિદ્યાનગર મુકામે વિઠ્ઠલભાઈ પટેલના આચાર્ય (અને સંસ્કૃત-ગુજરાતી વિભાગના અધ્યક્ષ) તરીકે જવાનું સ્વીકાર્યું.

ગુજરાતી સમાજે એમને ભાવભીની વિદાય આપવાની સાથે ચાલીસ હજાર રૂપિયાની થેલી અર્પણ કરી. આ રકમ એમણે પ્રકાશન-પ્રવૃત્તિ માટે ફાળવી. તેઓ જ્યારે સ-પરિવાર કરાંચી સ્ટેશનેથી પસાર થયા ત્યારે તેમના સેંકડો ચાહકોએ હાજર રહીને ભારે હૈયે ભાવભીની વિદાય આપી.

વલ્લભવિદ્યાનગર ખાતેના વિ.પ. મહાવિદ્યાલય ખાતાને આ વિદ્યાલયમાં તેઓ પોતાના સમયપત્રક મુજબ પોતાના તાસ અચુક લેતા. ક્યારેક તો અભ્યાસક્રમને અતિક્રમીને વિષયના ઊંડાણમાં વિદ્યાર્થીઓને ખેંચી જતા અને તેમને જીવનોપયોગી ઉત્તમ વિચાર-રત્નો ધરતા. મહાવિદ્યાલયમાં ડોલરભાઈએ પ્રાર્થના અને શ્રમને પણ સ્થાન આપ્યું. આ કાર્યક્રમમાં પોતે પણ જોડાતા.

એમનું અંતર પોતાના વિદ્યાર્થીઓ સાથે સમભાવપૂર્વક જોડાયેલું રહેતું. એક વિદ્યાર્થીના ગામમાં આગ લાગતાં એનું આખું કુટુંબ બેહાલ થઈ ગયું. ડોલરભાઈએ એને ખભે હાથ મૂકીને કહ્યું, 'મૂંઝાશો નહીં, ભણવાનું છોડશો નહીં. તમારી ફી અને મેસના બિલની જવાબદારી મારી, તમે નચિંત થઈને અભ્યાસ કરો.'

એકવાર છાત્રાલયમાં બે વિદ્યાર્થીઓ લડ્યા. મારામારીમાં એક ખૂબ ઘવાયો. ડોલરભાઈએ પ્રાથમિક સારવાર કરી અને ખૂબ ઠપકો આપ્યો. બંને કહે, 'હવે અમે ક્યારેય નહીં ઝઘડીએ.' 'પણ એની ખાતરી શી?' 'તમે માગો એ ખાતરી અમે આપીએ.' 'અમે? તો તમે બંને જણા એકમેકને પ્રેમથી ભેટો તો તમે સાચા.' બંનેને હસતા હસતા ભેટતા જોઈને ડોલરભાઈ કહે, 'આવા ને આવા ગાંડિયા રે'જો!'

આચાર્ય ડોલરભાઈના વિદ્યાપ્રેમને વહીવટી ખલનાયકી ચૂપકે ચૂપકે નડતી રહેતી હતી. એમનું તો અરમાન હતું ગ્રામવિસ્તારમાં આશ્રમી ધોરણે ઉચ્ચ શિક્ષણ આપવાનું અને વિદ્યાનગર પણ ગ્રામવિસ્તાર જ હતો ને? એમને તો બુનિયાદી શિક્ષણના શ્રમ-પ્રાર્થના જેવો સત્વો ઉચ્ચ શિક્ષણમાં અવતારવા હતા; પણ અહીં ડોલરભાઈ વહીવટી

રાજરમતના ભોગ બન્યા. આચાર્યપદેથી એમને ઓચિંતા ઉતારી દેવાયા. આ પદ-ફેર 'ભલું થયું ભાંગી જંજાળ' જેવી સાહજિકતાથી એમણે સ્વીકારી લીધી અને પોતે ગુજરાતી-સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તરીકે ગૌરવભેર પૂર્વવત કાર્યરત થયા.

વિ.પ. મહાવિદ્યાલયના કૉલેજ સંચાલનની રાજરમતના એક ભાગરૂપે ડોલરભાઈના વિભાગના એક અધ્યાપકને છૂટા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આથી વ્યથિત થઈને ડોલરભાઈએ રાજીનામું આપી દીધું. ભાઈલાલભાઈના આગ્રહથી તત્કાળ તો એમણે રાજીનામું પાછું ખેંચી લીધું; પરંતુ એમને સખેદ એમ થયા કર્યું કે આવું કેમ થયા કરે છે?

એમનો માંહ્યલો મંથને ચડ્યો. આ મંથને એમને એક વિચાર-રત્ન હાથ લાગ્યું : 'ગ્રામ- પ્રસ્થાશ્રમ' 'વાનપ્રસ્થાશ્રમ'. તો ભારતીય સંસ્કૃતિ પરંપરામાં જાણીતો જીવનક્રમ છે; પરંતુ 'ગ્રામપ્રસ્થાશ્રમ' તો એક મૌલિક ઝબકાર! આ મુજબ તો માનવે પોતાની જીવનઆયુને ઉંબરો પસાર કરવાની પળેથી-એકાવનમાં વરસે વનમાં નહીં, ગ્રામલોકની વચ્ચે સ્વેચ્છાએ એમની સેવા અર્થે વસવાની ક્રાંતિકારી વાત છે. વિચારને પાંખો છે, તેને ચરણ તો આચરણ દ્વારા મળે.

ડોલરભાઈએ પોતાની આયુના પચાસ વરસ પૂરા થવાના ટાંકણે આશ્રમ મુજબના વનપ્રવેશ (1952) વખતે ગ્રામપ્રસ્થાશ્રમના વિચારને અમલમાં મૂકવાનો સંકલ્પ કરી લીધો. મૂલ્યનિષ્ઠ ઉચ્ચ શિક્ષણ આપવા મથતી શિક્ષણ-સંસ્થા ગ્રામવિસ્તારમાં રચવા એમને તાલાવેલી લાગી, જીવનની ઉત્તરાવસ્થાએ એમણે શાંતિ ને આરામનો નહીં, ઉચાટ અને ઉદ્યમનો રાહ અપનાવવાનો સંકલ્પ કર્યો.

ડોલરભાઈએ વલ્લભવિદ્યાનગર છોડતાં પહેલાં વી. પી. કૉલેજના અધ્યાપકો સમક્ષ ટહેલ મૂકી : 'મારી સાથે ગામડામાં ઉચ્ચ કેળવણી આપવાના પ્રયોગમાં જોડાવા કોને આવવું છે?' અધ્યાપકોમાં મોહનભાઈ શં. પટેલે અને એમના પત્ની હંસાબહેન પટેલે ડોલરભાઈ સાથે રહીને કામ કરવાની તૈયારી દર્શાવી. હંસાબહેન પણ ઉચ્ચ કક્ષાએ ગુજરાતી વિષયનું અધ્યાપન કરવાની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હતાં.

હવે ક્યાં રચીશું મૂલ્યોનું આરાધન-સ્થાન? આ બાબતે અનેક વિકલ્પો હતાં. તેમાંથી ડોલરભાઈની જે વિસ્તાર પર નજર ઠરી તે હતું સૌરાષ્ટ્ર. - જાણીતો જિલ્લો જામનગર અને ગામ : અલીઆબાડા! અલીઆબાડાના પૂર્વ-અગ્નિ ખૂણે પાંચ કિલોમીટર દૂર રાજકરણક્ષેત્ર થકી જાણીતા છતાં સાચા લોકસેવક ઢેબરભાઈનું જન્મસ્થળ ગંગાજળા. આ સ્થળને જાણીતું રાખવા સંભવિત સંસ્થાનું નામનું નિયત કર્યું : 'ગંગાજળા વિદ્યાપીઠ'. પ્રેરક અને દિશાદર્શક ધ્યાનમંત્ર : 'તેજસ્વી તપથી જનમ્યાં ઋત અને સત્ય આ જગે.'

અકિંચન આચાર્ય ડોલરભાઈએ પોતાના મિત્રોને પત્ર લખીને પોતે અમુક પ્રકારના ઢાંચાવાળી સંસ્થાનો પ્રારંભ કરવા માંગે છે એમ જણાવીને 250 રૂ.ની મદદ માંગી. જેમ જેમ મદદ મળવા માંડી તેમ તેમ સંસ્થાના મકાનો બંધાવાનું કામ આગળ ચાલવા માંડ્યું. મકાન સાદાં જ બનાવાતા હતા અને બનાવનાર કારીગરોને બનતો સહયોગ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્વયં ડોલરભાઈ પણ કરતા હતા!

એક મોટો સધિયારો જેનો હતો તે હતા : ઢસા અને રાયસાંકળીના ગામધણી : દરબાર ગોપાલદાસ દેસાઈ. ગાંધીજીના નિકટના સાથીઓમાંના એક સમર્પિત દેશસેવક હતા. એમણે નાણાકીય બાબતે ધરપત આપી રાખી હતી પરંતુ સૂચિત સંસ્થા આકર લે તે પહેલાં એમનું અવસાન થઈ ગયું; આમ છતાં ડોલરભાઈએ અન્ય પ્રલોભનોની ઉપેક્ષા કરીને કૉલેજનું નામ તો 'દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય' જ રાખ્યું.

આ કૉલેજમાં પ્રવેશ માટેની ટૂંકી જાહેરાતમાં સ્થળની પ્રાકૃતિક ઝલક અને અનોખા આદર્શનો ખ્યાલ આપવાની સાથે એ પણ જણાવી દેવાયું કે વિદ્યાર્થીઓ પર ભરોસો રાખીને અહીં કોઈપણ પ્રકારની ડિપોઝીટ લેવામાં આવતી નથી. જાહેરાત વાંચીને પ્રવેશાર્થીઓએ પ્રવેશપત્ર મંગાવવા માંડ્યા. કેટલાક પ્રવેશાર્થીઓ પ્રવેશપત્રની સાથે અંગત પત્ર મૂકીને પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાનું જણાવતા. કોઈ રૂબરૂ મુલાકાત વખતે એ જ વાત જણાવતા. ડોલરભાઈ એવા સૌને આશ્વાસક ઉત્તર આપતા - 'આવો ચિંતા છોડીને અહીં બરાબર અભ્યાસમાં લાગી જાઓ. બાકીની વ્યવસ્થા થઈ રહેશે.' એવા કેટલાક વિદ્યાર્થીઓને એક યા બીજું સંસ્થાકીય કામ સોંપીને તેમણે ફી કે ફૂડ બિલમાં રાહત અપાતી. કોઈ કોઈની ફી જતી પણ કરાતી! પાર્ટ-ટાઈમ કામમાં ગ્રંથાલ-સહાયક, કારકૂન, શિક્ષક, ટાઈપીસ્ટ જેવું  કામ અપાતું. કોઈ ઘરેથી જ પાકીટ ભૂલી જઈને આવી ગયા હોય કે કોઈનું પાકીટ રસ્તે ખોવાઈ ગયું હોય તો ડોલરભાઈ કહેતા, 'ચિંતા કરશો નહીં, તમારા પૈસા કૉલેજના કાર્યાલયમાં જમા સમજજો ને જરૂર પડ્યે ઉપાડજો.' તે વખતમાં મહિને પાંત્રીસ રૂપિયા જેટલું ફૂડ ન ભરી શકતા છાત્રો માટે 'સસ્તુ રસોડું' ચલાવાતું. કોઈને હાથકાગળ કેન્દ્રમાં પૂંઠા ફાડવા જવાનું તો કોઈને સંસ્થાના ફાર્મમાં જઈને ફળો વીણીને તેના કોથળા ભરવાનું કામ સોંપાતું; આ મહેનત બદલની રકમ કાર્યાલયમાં તેનાં ખાતામાં જમા કરવામાં આવતા.

પોતાની આર્થિક ખેંચનો ડોલરભાઈએ કદી વિચાર જ ન કર્યો. સાંભળ્યું છે કે સંસ્થા શરૂ થયા પછી પંદર-વીસ વર્ષ લગી એમણે પોતાના વેતનમાં સ્વૈચ્છિક કાપ સ્વીકાર્યો હતો. ધર્મપત્ની પુષ્પાબહેનના અલંકારો તેમજ પોતાની પી.એફ.ની રકમ સંસ્થાને ટકાવી રાખવામાં ખરચી નાખી હતી. ઊતરતી અવસ્થાએ ડોલરભાઈને કામ લાગે તે માટે વીરપુરના ભગતબાપાએ એમને દસેક હજારની રકમ અંગત રીતે આપવા ધાર્યું. ડોલરભાઈનો પ્રતિભાવ : 'તમારો આભાર!... પણ જે આપવું હોય તે સંસ્થાને આપો. મારે અંગત કંઈ ન જોઈએ.'

એકવાર કવિવર ઉમાશંકર જોશી સાથે ડોલરભાઈને દ્વારકા જવાનું થયું ત્યારે સ્વીટ્ઝરલેન્ડની સ્વીસ અબ્રોડના પ્રતિનિધિ ઓપ્લિગર પણ સાથે હતા. તેઓ ડોલરભાઈના વિદ્યાતપથી એટલા પ્રભાવિત થયા કે એમણે સંસ્થાને કાયમી આવક માટે ગંગાજળા ફાર્મ વિકસાવવા માટે ખાસ સહાય મંજૂર કરી અને બીજી વિદેશી સંસ્થા પાસેથી પણ વિશેષ સહાય અપાવી.

એમનો અંગત રસ : અધ્યયન-અધ્યાપન. વિદ્યાર્થીઓને સંસ્કૃતની કોઈ પણ કૃતિ શીખવતી વખતે તેમને રસતરબોળ કરી દે. અન્ય વિષયના અધ્યાપકો પણ ક્યારેક પોતાના વિદ્યાર્થીઓ સાથે એમના તાસમાં સરકી આવતા!

ડોલરભાઈના વિદ્યાર્થીઓને ક્યારેક અભ્યાસક્રમ સિવાયનું એમની પાસે જાણવાનું મન થાય તો ડોલરભાઈના વર્ગપ્રવેશ પહેલાં બ્લેકબોર્ડ પર કોઈ શબ્દ કે સુભાષિત લખી દે. એ વાંચીને તેઓ હસે ને પછી કહે - 'સમજી ગયો છું, હોં! ચાલો આજે આ સુભાષિત સમજાવું.' ક્યારેક કોઈ મુદ્દે વિદ્યાર્થીઓ તલ્લીન થઈ ચિત્રવત સાંભળતા હોય તો તેઓ તેમને સાવધ કરતા કહે - 'સાંભળો તો છો તમે; પણ પાછા ભૂલી જશો, આથી બોલતો જાઉં તે લખી લેતા જાઓ!'

એકવાર પોતે કોઈ કામે બહારગામ ગયેલા; ત્યાંથી સહેજ મોડા પરત આવતાંવેંત ભણાવવા માટે વર્ગખંડમાં ગયા. કોઈ હાજર નહીં! વિદ્યાર્થીઓએ માની લીધેલું કે હવે આજે તાસ નહીં લેવાય; આથી

એમણે છાત્રાલયમાં પોતાના રૂમમાં હજુ લંબાવ્યું જ હતું ત્યાં એક રૂમના દરવાજો ખટખટાવીને ડોલરભાઈને કહ્યું કે ભાઈ, બધા મિત્રોને જાણ કરો કે વર્ગમાં પહોંચી જાય!

કોઈ પોતાને સાહેબ, માંકડસાહેબ, પ્રિન્સિપાલ સાહેબ કહે તે ડોલરભાઈને રુચતું નહીં; મોહનભાઈને તેમના આ અણગમાનો ખ્યાલ આવી ગયો; એમણે ''ડો'કાકા'' તરીકે એકવાર સહેજમાં ઉલ્લેખ કર્યો ને તે ઝીલાઈ રહ્યો! આ ઝબકારાના પ્રકાશમાં પડછાયાની જેમ સંબોધનમાં 'બાપુજી' શબ્દ ઉમળકાભેર ચલણી થયો! - ત્યારથી ડોલરભાઈ બની ગયા છાત્રમાત્રના જ નહીં, સર્વકોઈના 'બાપુજી' તરીકે અપનાવાઈ ગયા!

ડો'કાકા પોતાના વિદ્યાર્થીઓનું પોથીપંડિત તરીકેનું ઘડતર કરવા ઇચ્છતા ન હતા. એમને તો સમાજસેવી ને ભાવનાશીલ કર્મયોગીઓની ધખના હતી. આથી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના આટાપાટામાંથી પસાર કરવાની સાથે પ્રાર્થના, શ્રમ, સર્વોદયભાવ સાદગી, સ્વચ્છતા, સેવા, સ્વાવલંબન, આધ્યાત્મિકતા, આરોગ્ય, આંતરનિરીક્ષણ, પ્રમાણિકતા, આત્મસંયમ, મનોરંજન, કાર્યનિષ્ઠા, ચારિત્ર્યશીલતા, ગ્રામલક્ષિતા, નમ્રતા, પ્રસન્નતાના જેવા જીવનમાં અપનાવવા જેવા સંસ્કારોને તેમના સ્વભાવ સાથે સંયોજવા હતા. આથી એમણે ગંગાજળા વિદ્યાપીઠમાં તેવું ભાવાવરણ સર્જવામાં સહાય કરે તેવી પ્રવૃત્તિઓ અપનાવી. આ પ્રવૃત્તિઓમાં કેટલીક તો એકમેક સાથે સઘન રીતે સંકળાયેલ છે. આથી વિશેષ ધ્યાનપાત્ર પ્રવૃત્તિઓનો અત્રે નિર્દેશ કરવામાં જ ઔચિત્ય છે.

**1. સમૂહ પ્રાર્થના :** અધ્યાત્મક્ષેત્રનું પ્રવેશદ્વાર છે પ્રાર્થના. પ્રાર્થના અંગત કે વ્યક્તિગત જીવનમાં સૌ કોઈની આગવી હોઈ શકે છે. પ્રાર્થના અને તેના સ્વરૂપ વિશે સૌ કોઈને સ્વતંત્રતા જ હોય પણ ગંગાજળા વિદ્યાપીઠની સંસ્થાઓમાં આ પ્રવૃત્તિ સમૂહમાં નિયત પ્રાર્થના સવાર-સાંજ નિયમિતપણે થાય તેવી પ્રથા બાપુજીએ આરંભથી અપનાવી તેમજ સ્થિર કરી હતી. અહીં ગાંધી-આશ્રમની પ્રાર્થના રીતિ-નીતિ અપનાવાઈ હતી.

આ ઉપરાંત ગંગજળા વિદ્યાપીઠના તમામ છાત્રાલયોની એકસાથે સમૂહ પ્રાર્થના દર ગુરુવારે થતી. તે વખતે બાપુજી ઉપસ્થિત રહેતા. તેમાં સૌને પરિચિત નિયત પ્રાર્થના સૌ બોલતા, એક ભજન બોલાતું અને છેલ્લે કોઈ પણ ક્ષેત્રને લગતો પ્રશ્ન, છાત્ર બાપુજીને પૂછે અને તેનો બાપુજી જવાબ આપતા. એ વખતે જ્ઞાનવર્ધક સભા જેવો માહોલ રચાઈ રહેતો.

**2. ઉપવાસ-સત્ર :** બાપુજી સંસ્થાની વૈચારિક શુદ્ધિ અર્થે વર્ષમાં એકવાર ત્રણ દિવસના ઉપવાસ કરતા. આવડી મોટી સંસ્થામાં માનવસહજ ભૂલો તો થાય; તેના પ્રાયશ્ચિત અને આંતરનિરીક્ષણ માટે બધા વતી તેઓ આ તપ કરતા. એમનો પોતાનો બાંધો એકવડિયો, તેથી સૌને ચિંતા ન થાય તે માટે તેઓ અલ્પ પ્રમાણમાં અનુકૂળ પ્રવાહી લેતા.

ઉપવાસ-સત્ર દરમ્યાન સંસ્થાના વાયુમંડળમાં સ્વ-જાગૃતિનો જાણે કે માહોલ રચાતો. આ ગાળે પદ કે વયને લક્ષમાં લીધા વિના સર્વ કોઈ બાપુજીને મળતા અને કોઈ અંગત દોષ કબૂલતું, તો કોઈ સંસ્થા-સુધાર અંગે પોતાના સૂચનો રજૂ કરતું; છેવટે આ ઉપવાસ નિમિત્તે બાપુજી સ્વથી માંડીને સૃષ્ટિના શુભ માટેનું ચિંતન પ્રકાશિત રજૂ કરતા.

**3. ભાગવત પારાયણ :** આમ તો આ મૂલ્યલક્ષી પ્રવૃત્તિ પ્રાસંગિક ગણાય; પણ દાયકાઓથી ભાવભેર યાદ કરાતો તેનો શ્રવણાનંદ, હવે પછીના દાયકાઓ સુધી તેના પઠનાનંદ થકી સદાબહાર રહેશે. 'શ્રેયાર્થી જીવનસાધક' ડો'કાકાએ વિદ્યાપીઠ પરિવાર ઉપરાંત ગ્રામજનો અને

આસપાસના નગરોના ભાવકો સમક્ષ 'શ્રીમદ્ ભાગવતકથા' લોકભોગ્ય શૈલીમાં કહી હતી. આ પારાયણ 7 નવેમ્બર, 1963 થી 13 મી નવેમ્બર સુધી કર્યું હતું. લગભગ હજારેક ભાવિકો તે સાંભળવા સમયસર આવી પહોંચતા.

સાત દિવસની પારાયણમાં બાપુજીએ ભાગવતના જે અંશો ત્યાજ્ય કે ઓછા ઉપયોગી લાગ્યા તે છોડી દીધા હતા; જેમ કે ભાગવતમાં અજામિલના આખ્યાનનો પ્રસંગોપાત ઉલ્લેખ કરીને બાપુજીએ ચોખ્ખું સુણાવી દીધું કે - 'માણસ જિંદગી આખી પાપ કર્યા કરે અને છેલ્લે જરા હરિનામ લઈ લે. તેમાં કોઈ મુક્તિ મળે નહીં. હરિનામ તો જિંદગી આખી લેવું જોઈએ.'

વર્ષ 1963ના ગાળાના કૉલેજ ઉપરાંત સમગ્ર વિદ્યાપીઠના છાત્રો અને કર્મચારીઓ પણ ડો'કાકાના મુખેથી ભાગવતકથા સાંભળવા થકી જીવનભરના ન્યાલ બની ગયા.

**4. મૉક પોસ્ટ ઑફિસ :** છાત્રાલયથી પોસ્ટ ઑફિસ થોડે દૂર હતી. આથી પોસ્ટકાર્ડ ખરીદવા જેવા કામે છાત્રોનો સમય ખરચાતો હતો. આથી ડો'કાકાએ છાત્રો માટે છાત્રાલયની લૉબીમાં છેડે એક ટેબલ મૂકાવ્યું. ટેબલ પર એક બોક્સ અને પસ્ટકાર્ડઝ, કવર્સ વગેરે ગોઠવ્યાં. હવે જેને જરૂર હોય તે રૂમની બહાર આવી લૉબીને છેડે રાખેલ પેલા ટેબલ પાસે જાય અને જેની જરૂર હોય તે પોસ્ટકાર્ડ કે કવર લઈને તેની થતી કુલ કિંમતની રકમ પોતાના પાકીટમાંથી કાઢીને પાસે ગોઠવેલમાં બોક્સમાં મૂકી દે. સાંજ પડ્યે નિયત છાત્ર બોક્સ અને અન્ય સામગ્રી પોતાની પાસે રાખી લે અને તેનો હિસાબ મેળવી લે. પછી બીજે-ત્રીજે દિવસે ગામની પોસ્ટ ઑફિસ જઈ જરૂરિયાત મુજબની પોસ્ટલ સામગ્રી ખરીદે અને પેલા ટેબલ પર ગોઠવી દે. ન કોઈ નિરીક્ષક, ન ચોકીદાર. છાત્રોના ભરોસે આ મૉક પોસ્ટ ઑફિસ ચાલ્યા કરતી.

પણ એક દિ' પેલું બોક્સ અંદરની રકમ સાથે ગૂમ! સાયંપ્રાર્થના પછી આ બાબતે ચર્ચા થઈ. યોગાનુયોગ તે વખત ઉપસ્થિત ડો'કાકા કહે - 'જે કોઈથી આ ભૂલ થઈ ગઈ હોય તે મારી પાસે આવી ભૂલ કબૂલી જાય તો તેને માફ છે. તેનું નામ પણ જાહેર નહીં થાય; ત્યાં સુધી હું ઉપવાસ કરીશ.'

ચોવીસ કલાક પહેલાં જેણે ભૂલ કરી હતી તે ભૂલ કબૂલીને ડો'કાકાને પેલું બોક્સ જેમનું તેમ સોંપી ગયો!' આ પછી પણ છાત્રાલયાની પોસ્ટઑફિસ યથાવત ચાલુ રહી હતી.

**5. આત્મસંયમ :** ધર્મ-અધ્યાત્મની સૂફિયાણી વાતો ઉપદેશવી અઘરી નથી; પણ તે જીવનમાં ઉતારવી-આચરવી અશક્ય નહીં તો અઘરી જરૂર છે. ભાગવતના આખ્યાનો ધ્યાનપૂર્વક સાંભળવા છતાં સમય જતાં વિસરી જવાય છે. શ્રીમદ્ ભગવતગીતાના બીજા અધ્યાયમાના સ્થિતપ્રજ્ઞના લક્ષણો સમૂહ-પ્રાર્થનામાં રટાય છે પણ જ્યારે આઘાતકારી ઘટના અણધારી ત્રાટકે છે ત્યારે કેવા વિહ્વળ થઈ જવાય છે!

આવી વિપત્તિની પળોમાં જો ''આત્મસંયમ''નો ગુણ કેળવી શકાયો હોય તો જ જીવનમાં જીરવી જવાય; આનું જીવંત ઉદાહરણ જડવું મુશ્કેલ છે; પણ ગંગાજળા વિદ્યાપીઠના અંગભૂતો સ-જીવ 'સ્થિતપ્રજ્ઞ'નાં દર્શન એક કરૂણ ઘટના દરમિયાન બાપુજીના વર્તન-વ્યવહાર દ્વારા પામ્યા.

**ઘટના :** બાપુજીના મોટા પુત્ર બકુલભાઈનું વિદેશી ભૂમિ પર અવસાન! તા. 16-7-1961ના દિને તેંત્રીસ વરસની યુવા વયે હૃદયરોગનો હુમલો થતાં એ ઢળી પડ્યા!

તરતોતરત આ માઠા ખબર અલીઆબાડા પહોંચાડાયા. સંસ્થાના અંગભૂતો તેમજ ગામલોકો ડો'કાકાના આંગણે આવી ઊભા. સૌ પ્રાર્થના કાર્ય પછી બે હાથ જોડી ઊભા. ડોલરભાઈએ સામા હાથ

જોડીને કહે - બકુલ હવે આપણી વચ્ચે નથી રહ્યો... ભગવાનનો હતો ને ભગવાને લઈ લીધો.'

આવેલ સૌએ ડો'કાકાનું સ્થિતપ્રજ્ઞ સ્વરૂપ નિહાળીને મનોમન એમને વંદન કર્યા. તેમની દુ:ખ સહન કરવાની શક્તિ અને મનોધૈર્ય અદ્‌ભુત હોવાનું અનુભવાયું. તેઓ ગીતા માનવસ્વરૂપે જીવતા હોવાનું અનુભવાયું.

બકુલભાઈની સ્મૃતિ જાળવવા 'બકુલ ઉદ્યાન' રચાયો અને વિકસાવાયો. ખરેખર આ આઘાતકારી સમયમાં સ્વસ્થતા અને સમત્વ જાળવવું દુર્લભ છે. આ પછી બકુલભાઈનાં પત્ની મલ્લિકાબહેનને સ્વસ્થતા અને સ્વમાન સાથે જીવનરાહ પર ચડાવવા અને ખાસ તો એમની બે નાનકડી પુત્રીઓમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરવાનો પડકાર બાપુજીએ ઝીલી બતાવ્યો.

**9. કાર્યનિષ્ઠા :** જામનગર જિલ્લાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે એમની વરણી થઈ. એમણે પ્રાથમિક શિક્ષણને ઉચ્ચ કક્ષાએ લઈ જવાનો પ્રયાસ કર્યો. જિલ્લાના શૈક્ષણિક સ્તરને એમણે પરિપત્રો પર નહીં, પરંતુ પ્રત્યક્ષ અવલોકન અને શિક્ષકો વ્યક્તિગત વહીવટી માર્ગદર્શન પર મદાર રાખ્યો. આ રાહે એમણે અનેક શાળાઓની મિત્રભાવે મુલાકાત લીધી. તેઓ શિક્ષકોની મુશ્કેલીઓ સાંભળતા અને એ શક્ય તેટલી ઓછી કરવા પ્રયત્ન કરતા. આ અંગેની દોડધામ એમની તબીયત પર અસર કરે તે સહજ છે.

**10. મનોરંજન કાર્યક્રમ અંગે વિવેક :** ડો'કાકા સાંસ્કૃતિક કાર્યક્રમને શિક્ષણના એક ભાગ રૂપે સ્વીકારતા અને પ્રોત્સાહન આપતા, પણ ચોક્કસ વિવેક સાથે. કૉલેજના વાર્ષિક દિને વિદ્યાર્થીના મહામંત્રીને ખાસ સૂચવતા-'જુઓ, આ ગામડું છે તેથી તેને અનુરૂપ સાદાઈથી કાર્યક્રમ થાય તે જોશો. વસ્ત્રો કે વેશભૂષામાં ખોટા ઠઠારા ન કરતા.' આ સૂચનથી કલાકારો મૂંઝાતા અને બહેનો તો રડી પડતાં : પણ કલાકારોની આ રજૂઆત સાંભળતા - 'મેક-અપને લીધે દૂર બેઠેલ લોકો સ્ટેજ પરના કલાકારોને સરસ રીતે જોઈ શકશે. અમે થપેડા નહીં કરીએ. અમારા હાવભાવ જોઈ શકે તેટલા પૂરતા જ મેક-અપની છૂટ આપજો.' આ સાંભળીને બાપુજી માની જતા. પછી તો કાર્યક્રમ એવો સરસ થતો કે જામનગરની બે'ક સંસ્થાઓમાં તેમને ત્યાં તે ફરીવાર રજૂઆત કરવા નિમંત્રણ મળતું!

**11. સંસ્થામાં ઉત્સવ સરખા આનંદના આયોજનો :** સંસ્થાના ફાર્મમાં શેરડીનો વાડ ફરતો હોય ત્યારે કડાઈનો ગરમ ગોળ ખાવાને વિદ્યાપીઠ સ-પરિવાર ઉમટી પડે. એ જ રીતે પોંક, મૂળા, લીલી મગફળી-ઓળા સૌ માણે. ચોમાસા વખતે વરસાદ પડવા માંડે ત્યારે વર્ગ છોડી અધ્યાપકો સહિત સૌ નાહવાને નીસરી પડે! રૂપારેલ નદીએ નાહવા-તરવા-ધૂબાકા મારવાનો આનંદ માણે. તરતાં ન આવડે તેને ડો'કાકા તરતાં શીખવે!

**12. સાદગી :** બાપુજીના વસ્ત્રો અને વાચા બંનેમાં એમની સાદગી વરતાતી. ભલે એમણે ગાંધીજી પ્રેરિત આંદોલનોમાં સક્રિયતા દર્શાવી નહોતી પરંતુ આચાર-વિચારમાં ગાંધીવિચારનો પૂરો પ્રભાવ પથરાયેલો રહેતો. પોતે ચુસ્ત ખાદીધારી, સાથોસાથ તેના શાંત પ્રચારક પણ ખરા. વખતોવખત ખાદી અપનાવવા સૂચવતા પણ ખરા પણ તે બાબતે કોઈને ફરજ ન પાડતા. ખાદીનો કુરતો, બાંડિયું કે સદરો, ધોતિયું, સાદાં ચપ્પલ કે ક્યારેક ચાખડી, દોરીમાં પરોવેલી ઘડિયાળ. આમ, મિતભાષી પણ શીખવતી વખતે પૂરતું લંબાણ. એકવડિયો બાંધો પણ આત્મબળ અસીમ.

સંસ્થાના મંત્રી કે આચાર્ય તરીકે એમને ઑફિસ જ ન મળે. કૉલેજની લૉબીના એક છેડે ઢળતી કાળી ખુરશી પર પુસ્તક વાંચતા હોય કે સાદાં પાટિયાં પર કાગળ પર મુદ્દા ટપકાવતા હોય. એમની તહેનાતમાં કોઈ ''સાથી''નું હાજર હોવું જરૂરી નહીં!

પ્રથમ સત્ર વખતે આવતા નવા પ્રવેશાર્થીઓ પ્રિન્સિપાલ માંકડ સાહેબને શોધે પણ સામે બેઠેલ વ્યક્તિ એ જ છે કે જેને તે શોધે છે તે ઓળખાય જ નહીં! છેવટે એમને પૂછવાથી પરખાય ત્યારે કૉલેજ-ફી વગેરેની વાત જ નહીં, સીધા હોસ્ટેલને રસોડે જવા કહે કે ક્યારેક જમવા માટે પ્રવેશાર્થીને પોતાને ઘેર જ લઈ જાય! જમવાનું સાદું ને લાલ મરચાંની ભૂકીને સ્થાન નહીં! પછીથી તેઓ સંસ્થાથી બે'ક કિ.મી. દૂર વસાવેલ દક્ષિણા સોસાયટીએ ચાલીને આવજા કરે. પછીથી ઘોડાગાડીનો ઉપયોગ કરતા.

**13. સફાઈ અને શ્રમ :** ડો'કાકા સંસ્થામાં પ્રાર્થના અને પરિશ્રમને સમાન મહત્ત્વ આપતા. આ બંને સમયે અન્ય વિશેષ રોકાણ આવી પડ્યું હોય તો વાત જુદી; અન્યથા તેઓ તે વખતે ઉપસ્થિત રહેતા અને જોડાતા. મેસમાં પીરસવાનું કામ પોતે કરતા. પ્રસંગ પડ્યે રસોઈના કામે મદદે પહોંચતા. પોતાનાં વાસણ પોતે જ માંજતા. છાત્રાલયમાં છાત્રો પતાના ઓરડાની સફાઈ પોતે જ કરતા. છાત્રાલયમાં મહિને એકવાર સમૂહસફાઈ યોજાતી. સમયાંતરે સમગ્ર સંસ્થાની શ્રમ-સફાઈ આયોજાતી.

છાત્રાલયમાં આરંભના બે'ક દાયકા સુધી ખાડા-જાજરૂનો ઉપયોગ થયો. સમયાંતરે ખાડા ગંદકીથી ભરાઈ જઈને ઓવરફ્લો થતા. આથી દુર્ગંધ ફેલાતી. આ સમયે છાત્રાલયના ચાર-પાંચ છાત્રો સૂગ છોડી દઈ બકડિયા, પાવડા, તગારાં વગેરે જરૂરી સાધનો સાથે સજ્જ થઈને સંડાસ ઉપર ઢાંકેલ પાટડા ઉપાડતા અને મળથી છલોછલ ખાડામાંથી ડોલ ભરીને સંસ્થાના ગાડામાં ઠાલવતા જતા. દોઢેક કલાકમાં બધું સાફ કરીને સાધનો પરત કરી દેતા અને નાહવા જતા.

ડોલરભાઈ આવા બધાં કામોને કેળવણીના ભાગરૂપ માનતા અને તે હાથ ધરવા છાત્રોને પ્રેરતા.

**14. વડીલ-વિદ્યાર્થી યોજના :** ઉચ્ચ અભ્યાસ કરવા માટે ઘર છોડીને આટલે દૂર કેટલીક અગવડો વેઠીનેય અહીં રહેતા છાત્રાલયના છાત્રો સાથે બાપુજી સહ-અનુભૂતિ ધરાવતા. એમને વડીલની હૂંફ અનુભવાઈ રહે તે માટે એમણે એક યોજના વિચારી હતી : વડીલ-વિદ્યાર્થી યોજના. આ માટે દરેક અધ્યાપક બે રૂમના વિદ્યાર્થીઓની સંભાળ લેતા રહે, એટલે કે તેમના વાલી તરીકેની ભૂમિકા અદા કરે તેવું ગોઠવાયું. તે અનુસાર અધ્યાપક તેમને સોંપાયેલ છાત્રોના રૂમની સમયાંતરે મુલાકાત લેતા. તેમના સ્વાસ્થ્ય, અભ્યાસકાર્ય, ઈતર વાચન, રોજનીશીનું લેખન, સર્જનકાર્ય વગેરે બાબતે જાણતા અને જરૂરી માર્ગદર્શન આપતા રહેતા. અધ્યાપકો યથાવકાશે છાત્રોને પોતાને ઘેર ભોજનાર્થે નોતરતા અને આનંદ કરાવતા.

આ યોજનાના આરંભે તો ડો'કાકાએ પોતે વિદ્યાર્થીના ઘેર જવાનું અને તેમને ત્યાં સાંજનું વાળુ પરિવાર સાથે કરવાનું વિચારેલું. આ રીતે તેઓ એકવાર એક વિદ્યાર્થીને ઘેર ગયા, રહ્યા, જમ્યા વાતો કરી અને સૂતા. સવારે વિદાય. આ યોજના પોતાના રોકાણ અને સામાની સ્થિતિ-સંજોગો અંગેની જાણકારીનો અભાવ વગેરેને કારણે લંબાઈ નહીં; પણ અધ્યાપકોના સહયોગ સાથેની યોજના સારી ચાલી.

**15. મુક્તાદ્વાર ગ્રંથાલય :** ડો'કાકાએ પોતાના મોટાભાગનાં પુસ્તકો કૉલેજ-લાઈબ્રેરીને સોંપી દીધા હતા. તેમને પુસ્તકાલયની એ વ્યવસ્થા કે પદ્ધતિ નહોતી ગમતી કે જેમાં પુસ્તકો તાળાંવાળાં કબાટમાં કેદ રહે! એમને મન પુસ્તકો પ્રદર્શનીય નહીં, પઠનીય અધ્યયન-સામગ્રી હતા. આથી પુસ્તકો ખુલ્લી અભેરાઈમાં ગોઠવવામાં આવતા. જિજ્ઞાસુ અધ્યાપકોને વિદ્યાર્થીઓ અભેરાઈ પરનું પુસ્તક લઈને ખંડમાં બેઠાં વાંચતા. કોઈ થોડીવાર વાંચીને એ જ્યાંથી લીધું હોય ત્યાં મૂકી દે. ઘેર કે રૂમે વાંચવું હોય તો ગ્રંથપાલ પાસે નોંધાવીને લઈ જઈ શકે.

અધ્યાપકો માટે તો તેમને લઈ જવાનાં પુસ્તકોની કોઈ સંખ્યા-મર્યાદા જ નહીં!

આથી સૌને પુસ્તક-પસંદગી માટે પૂરતો અવકાશ મળી રહેતો. ગ્રંથપ્રીતિમાં વૃદ્ધિ થતી. ગ્રંથાલયમાં અલગ વિભાગ કરીને અનેક સામયિકો પણ ગોઠવાયેલા રહેતા. આથી વિદ્યાર્થીઓનો સરળતાથી સામયિકસૃષ્ટિમાં પ્રવેશ થતો.

આમ પ્રાર્થનાથી માંડીને પુસ્તકપ્રેમ સુધીના અનેક સંસ્કારોનું તરુણ-યુવાઓમાં સંસ્કાર-સિંચન કરતી આ સંસ્થા ગંગાજળા વિદ્યાપીઠને બાર વર્ષે (1953-1964) સંકેલાવાની પરિસ્થિતિ આવી ઊભી. એ ગાળે જામનગર શહેરમાં કૉલેજ શરૂ થઈ. આથી અહીં કૉલેજમાં જામનગરથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા એકદમ બંધ થઈ ગઈ. ગ્રામવિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા કૉલેજ ચલાવવા માટે પૂરતી ન હતી. આથી આ વિનયન મહાવિદ્યાલય (આર્ટસ કૉલેજ) બંધ કરવા ફરજ પડી; પરંતુ એ જ નામ-ઠામ સાથે શિક્ષણ મહાવિદ્યાલય (કૉલેજ ઓફ એજ્યુકેશન : બી.એડ્. કૉલેજ) આચાર્ય ગૌરીભાઈ ભટ્ટના સંચાલનમાં શરૂ થયું.

બાપુજી ડો'કાકાએ ગંગાજળા વિદ્યાપીઠના શેષ કાર્યકારોમાં પોતાનો વિશ્વાસ દર્શાવવાની સાથે કહ્યું, 'તમ સૌને સંસ્થા સોંપીને જાઉં છું.' આમ બાર વર્ષ જે સંસ્થાને વાવી અને પોષી તેનું મંત્રીપદ અનાસક્તભાવે છોડી દીધું!

મંત્રીપદ છોડ્યું ને કુલપતિપદ સામે આવી ઊભું! વાત એમ બનેલી કે એ ગાળે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આરંભની ગતિવિધિ ચાલતી હતી. તેના પ્રથમ કુલપતિપદ માટે એમની વરણી થઈ! (1966). આ નવી યુનિવર્સિટીને આકાર આપવા માટેનો કપરો પડકાર નબળી તબિયત છતાં એમણે ઝીલી લીધો. યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટસની રચના ઉપરાંત અન્ય વહીવટની અંગે એમને એક વરસ અમદાવાદ રહેવાનું થયું. આ બધા કામ એટલી બધી ઝડપથી પતાવ્યા કે યુનિવર્સિટી એક વર્ષમાં કામ કરતી થઈ ગઈ. તેઓ તેના તમામ કર્મચારીઓના પણ 'વહાલા બાપુજી' બની રહ્યા.

યુનિવર્સિટીની સખત વ્યસ્તતા વચ્ચે પ્રિય પૌત્રી તન્વી-સંધ્યાના સમુચિત ઉછેર અંગે સર્તક રહેતા. એમના માટે બાળવાર્તાઓ-કાળું ઘેટું, ત્રણ રીંછ, વગેરે - લખી મોકલતા અને પત્ર દ્વારા 'ગમવું ન ગમવું' અંગે સમજના સંવાદ પત્રમાં લખતા. સંધ્યાને પૂછે : બાર આઠ? તન્વીને લખે : હવે તારે ઘડિયાળ જોતાં શીખી લેવું. પોતાના યુવાન પુત્ર બકુલભાઈના ઓચિંતા અવસાન થકી તેઓ અંદરથી હચમચી ગયા હતા. પુત્રવધુને એમણે હિંમતભેર પગભર થવા પ્રેર્યા અને કર્યા. પૌત્રીઓના સમુચિત ઉછેરની ચિંતા વચાળે પ્રભુ પાસે પ્રાર્થ્યું : બસ, હવે બીજા દસ-પંદર વરસ જીવવું છે!'

જેને જીવવું છે ને સાર્થક જીવવું છે એને તો આરામ હોય હરામ! અમદાવાદથી પરત રાજકોટ આવીને કામની ઝડપ વધારી. યુનિવર્સિટીની વિધિસરની સ્થાપના (1967) વખતે કાર્યારંભે એમણે પોતે ગીતાપાઠ કર્યો. યુનિવર્સિટીના દરેક વ્યવહારમાં માનવીય સ્પર્શ માટે કુલપતિ ડોલરભાઈનો આગ્રહ રહેતો. કૉલેજોને પણ આદેશની નહીં, વિનંતીની પરિભાષામાં પરિપત્ર પાઠવવા તેઓ સૂચવતા. યુનિવર્સિટીના પ્રત્યેક અંગભૂતો - સરકાર, સંચાલક, આચાર્ય, અધ્યાપક, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ- સાથે જીવંત સંપર્ક રાખવાનો એમનો પ્રયાસ રહેતો. વાઇસ ચાન્સેલર ડોલરભાઈને મળવા માટે કોઈ ઔપચારિકતાની જરૂર નહીં. સામાને સંતોષ થાય તેમ સાંભળે અને ઘટતું તે કરે.

કુલપતિ તરીકે એમણે કૉલેજોની વ્યક્તિગત મુલાકાતો કરી. વિદ્યાર્થીસંઘનું કામ ગોઠવ્યું. હોસ્ટેલો

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# મિરેકલ મીલેટ્સ - કંગની
# (કાંગ - Foxtail Millet)

- પાલખીવાલા અમિતા મનુભાઈ

આજે વિશ્વની ભૂખ ભાંગવી હોય અને કુપોષણ સામેનો જંગ જીતવો હોય તો બાપુએ કહ્યું તેમ નવી વાતો જે ગેરલાભ કરનારી છે, જેમ કે જંકફૂડ અને ફાસ્ટફૂડ તો તેને બદલે આપણે આપણી પરંપરાગત મૂળ અસ્મિતાને પાછી લાવીએ અને પીડ પરાઈ જાણીને ખાદ્યાન્ન ક્ષેત્રે ઘઉં, ચોખા સાથે રાગી, જવ, જુવાર, કંગની, બાજરી જેવા બરછટ અનાજને પણ પ્રાધાન્ય આપીએ. આપણું શરીર એ આપણા આત્માની વીણા છે. તેમાંથી મધુર સંગીત ઉપજાવવું કે બેસુરો ઘોંઘાટ કાઢવો એ હવે આપણા હાથમાં છે. ભારતના પ્રસ્તાવ પર વિશ્વના 70 કરતાં વધુ દેશોના સહકારથી યુનાઈટેડ નેશન્સે 2023નું વર્ષ ''આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ'' જાહેર કર્યું છે. ત્યારે વિક્રમજનક ઉત્પાદન તરફ પાછા ફરીએ અને એ વિચાર આખા વિશ્વ સુધી પહોંચાડીએ.

હરિયાળી ક્રાંતિ બાદ બાજરીના પાકને ''અનાથ પાક'' કહેવામાં આવતો હતો. બાજરીના વિવિધ પ્રકારો છે. જેમ કે, પર્લ બાજરી (મોતી બાજરી), પ્રોશો બાજરી (ચિના), ફિંગર બાજરી (રાગી, નાચની), કોદો બાજરી (કોદરા), બાર્ન યાર્ડ બાજરી (ઝીંગોરા, સામા), ગીની બાજરી (Guinea - જે સામાન્ય રીતે પશુ ધાન્ય છે), બ્રાઉન ટોપ બાજરી (હરી કંગની), ફોક્સટેઈલ બાજરી (કંગની) વગેરે. આ શ્રી અન્નના કેટલાક ધાન્યનો ખ્યાલ આગલા અંકોમાં મિરેકલ મિલેટસની શ્રેણી હેઠળ આપવાનો પ્રયત્ન કર્યો છે. હવે આ શ્રેણીમાં આપણે આજે વધુ એક ધાન્ય ફોક્સટેઈલ મિલેટ (કંગની, કાંગ, કુકુશ)ના મહત્ત્વને પણ જાણીએ અને સૌ સાથે મળીને આપણી નવી થાળીમાં નવો સ્વાદ ઉમેરીએ.

**આવો જોડે રંગ નયે સ્વાદ નયે થાળી મેં**
**દે નીરોગી ક્યા એસી શક્તિ હર દાને મેં**
**હમ જો અપનાયે ઈસે તો દે**
**મુસ્કાન કિસાનો કો ભી**
**વાદા કરલે આજ ચલો સબ,**
**અપનાયેંગે આજ સે હી.**
**''ચલ ભારત, ઉઠ ભારત, સંગ હમકો ચલના હૈ**
**ધરતી કે હિરો કો ફિર સે અબ ચમકના હૈ.''**

આપણા પૂર્વજો, ઋષિવર્યો જે ધાન્યનો ભોજનમાં ઉપયોગ કરીને સ્વસ્થ અને દીર્ઘાયુ જીવનનું વરદાન પામ્યા તેવા અનાજનું સેવન હવે આપણે પણ કરીએ. મોટા દાણામાં સૌથી વધુ વાવતેર થાય એ કાંગ એટલે કંગની. અંગ્રેજીમાં તેને foxtail millet કહે છે. કાંગના પુષ્પગુચ્છ વધારે મોટા અને ખંડિત હોય છે અને એના ફૂલોની દાંડી સાથેની ગોઠવણી અને વહેંચણી એટલી જટિલ હોય છે માટે તેને foxtail millet (શિયાળની પૂંછડી બાજરી) કહે છે. તેનું વૈજ્ઞાનિક નામ setaria italica છે. તેને ઈટાલિયન, જર્મન, હંગેરિયન અથવા સાયબેરીયન બાજરી તરીકે પણ ઓળખવામાં આવે છે. જાપાનમાં તેને Awa કહે છે. ભારતના વિવિધ રાજ્યોમાં બોલાતી ભાષાઓમાં તેને જુદા જુદા નામોથી ઓળખવામાં આવે છે. કંગનીને આસામી ભાષામાં કોણીધાન, હિન્દીમાં કંગની, ગુજરાતી અને મરાઠીમાં કાંગ, કન્નડમાં નવને (નવનક્કી) બંગાળીમાં કાઓના દાના કહે છે.

કંગની એશિયામાં સૌથી વધુ ઉગાડવામાં આવતી બાજરીની જ એક પ્રજાતિ છે અને ઘણા

પ્રાચીન સમયથી ધાન્ય પાક તરીકે વવાય છે. દક્ષિણ એશિયામાં આનો સૌથી જૂનો પુરાવો મધ્ય થાઈલેન્ડમાં ખાઓવોંગ પ્રાચીન ખીણની વિવિધ જગ્યાઓ પરથી મળે છે. આ અનાજની ખેતીનો સૌથી પહેલો પુરાવો ચીનની પીલીગંગ સંસ્કૃતિમાંથી મળે છે. પરંતુ યાંગશાઓ સંસ્કૃતિ સાથે જ ફોક્સટેઈલ બાજરી મુખ્ય અનાજ બની ગઈ હતી. કંગનીનો મુખ્ય ઉત્પાદન વિસ્તાર ચીન છે. ચીનમાં ઈ.સ. પૂર્વે 6000 વર્ષથી તે ઉગાડવામાં આવે છે. તેને ''ચીની બાજરો'' પણ કહે છે. એવું માનવામાં આવે છે કે પ્રાચીન કાળમાં ચીનમાં પાંચ પવિત્ર છોડ - સોયાબીન, ઘઉં, પ્રોશો બાજરી, ફોક્સટેઈલ બાજરી અને ચોખામાંથી તે એક છે. પૂર્વ સાઈબીરિયા, કોરિયા તથા જાપાનમાં પણ કંગની સૌથી જૂની હોવાના પુરાવા મળે છે. પછી તે યુરોપમાં આવી અને તેની ખેતી માટેના સૌથી જૂના ચોક્કસ પુરાવા તુર્કીમાં લોકજીવનમાં જોવા મળે છે. ઉત્તરી ફિલિપાઈન્સમાં પણ તે મુખ્ય પાક હતો. જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકામાં સાઈલેજ માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. ભારતમાં પણ યજુર્વેદમાં આનો ઉલ્લેખ છે.

વિશ્વમાં ભારત, ચીન, જાપાન, દક્ષિણ આફ્રિકા, કોરિયા, દક્ષિણ અને પૂર્વ યુરોપ અને ઉત્તર અમેરિકામાં કંગનીનું ઉત્પાદન થયેલું જોવા મળે છે. ભારતમાં પ્રાચીન કાળથી કંગનીનું ઉત્પાદન વ્યાપક પણે થાય છે. તમિલનાડુમાં રવિપાક માટે કંગનીની સૌથી વધુ ઉપજ છે. ઉપરાંત આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, રાજસ્થાન, મૈસુર, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, ગુજરાત અને ભારતના ઉત્તરપૂર્વીયના કેટલાક રાજ્યોમાં તેનું વાવેતર કરવામાં આવે છે. એક કિવદંતી પ્રમાણે પ્રાચીન દક્ષિણ ભારતમાં ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીથી શરૂ કરીને ચોથી શતાબ્દી સુધીનો જે સંગમકાળ હતો તેમાં ત્રીજા સંગમકાળમાં કંગનીનું ઉત્પાદન નોંધાયું છે. સંગમકાળએ પ્રાચીન ઈતિહાસનો એક કાળખંડ છે. જેમાં ત્રણ સંગમ પ્રમુખ સંગમ, મધ્ય સંગમ અને અંતિમ સંગમ નોંધાયા છે. જેમાં પ્રમુખ અને મધ્ય સંગમ પૌરાણિક કાળ છે. જ્યારે અંતિમ સંગમને ''સંગમકાળ'' કહે છે.

ગુજરાતમાં ખેડા, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં કંગનીનો પાક લેવામાં આવે છે. વિશ્વમાં કંગનીની લગભગ 1328 જાતો નોંધવામાં આવી છે અને તેની વિવિધ જાતો વચ્ચે બીજનો રંગ પણ મોટા પ્રમાણમાં બદલાય છે. કંગની ધોળી, કાળી, લાલ, પીળી અને આછા કથ્થઈ રંગની જોવા મળે છે. જેમાંથી ધોળી કંગની ને આયુર્વેદ વધુ સારી કહે છે.

ભારતમાં તથા દક્ષિણ પૂર્વ એશિયામાં શુષ્ક અને અર્ધશુષ્ક પ્રદેશોમાં હજુ પણ તે મહત્ત્વપૂર્ણ પાક છે. એટલું જ નહીં પણ હલકી, ઓછા વરસાદવાળા વિસ્તારમાં, લાલ અને કાળી જમીન, ગોરાડુ જમીન, ભૂખરી રાખ જેવી જમીન પર આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે કંગનીનું વાવેતર થઈ શકે છે. ઉપરાંત હિમાલયમાં 1800 મીટરની ઊંચાઈ સુધી પણ વાવી શકાય છે. કંગની માત્ર 100 દિવસનો જ પાક છે. તેના ટૂંકા ગાળાના કારણે તે વિચરતી જાતિના લોકો દ્વારા ઉગાડવામાં આવે છે. આથી જ ગરીબોમાં મુખ્ય ખાદ્યપાકોમાનું તે એક બની રહેવા પામ્યો છે. કંગનીના વાવેતરનો ફાયદો એ છે કે જુદા-જુદા પ્રદેશોમાં તે મિશ્રપાક તરીકે પણ વાવી શકાય છે. મિશ્રપાક એટલે કંગનીના વાવેતર પછી એકવાર તેમાં પુષ્પનિર્માણ શરૂ થાય પછી બીજો પાક રાગી, કપાસ, જુવાર, મગફળી, વાલ વગેરેની સાથે પણ તેને મિશ્રપાક તરીકે ઉગાડાય છે.

કાંગ, કંગની આ નામ કદાચ આજની પેઢી માટે

તો સાવ અજાણ્યું હોય પરંતુ બહુ ઓછું જાણીતું એવું આ ધાન્ય દક્ષિણ ભારતમાં ખૂબ જ પ્રચલિત છે. તેમાં આયર્ન, પ્રોટીન, વિટામીન (B-12), કેરોટીન, ખનીજો, કાર્બોહાઈડ્રેટ્સ, કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, ફાઇબર વગેરેનું પ્રમાણે વધારે છે. મધુમેહના દર્દીઓને ચોખાને બદલે કંગનીનો વપરાશ હિતાવહ છે. તેનો વપરાશ મસલ્સ અને હાડકાને મજબૂત કરે છે. ગ્લુટન-ફ્રી હોવાથી એલર્જી ધરાવતી વ્યક્તિઓ માટે પણ તે હકારાત્મક છે. ચમકીલી ચામડી અને વાળનો ગ્રોથ વધારવામાં પણ કાંગ ફાયદાકારક છે. આયુર્વેદ અનુસાર કાંગ શીતળ, વાતકારક, વૃક્ષ, તુરી, ધાતુવર્ધક, હાડકાને સાંધનાર અને મજબૂત કરનાર, બ્લડ સુગર લેવલને સંતુલિત કરનાર તથા કોલેસ્ટ્રોલના પ્રમાણને નિયંત્રિત કરી ઘટાડનાર છે. સગર્ભા સ્ત્રીઓ, બાળકો અને માંદા લોકો માટે તે શક્તિવર્ધક છે. કાંગ કફ અને પિત્તનો પણ નાશ કરે છે. આમ, કાંગના ફાયદાઓ જોતાં આજે તેને ''અનાથ પાક''ને બદલે ''ચમત્કારિક અનાજ'' અથવા ''ભવિષ્યના પાક'' તરીકે પણ ઓળખવામાં આવે છે.

બાજરી જેવા નાના નાના દાણા ધરાવતું આ અનાજ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક ગણાય છે. આથી જ આપણા ગુજરાતી લોકગીતમાં કંગની સ્થાન પામી છે.

**'કાંગ ખેતર ગ્યાતા રે, ગોરી કાંગ લ્યો,**
**ઊભા ઊભા કાંગ લ્યો, બેઠા બેઠા કાંગ લ્યો,**
**ચાલતા ચાલતા કાંગ લ્યો, દોડતા દોડતા કાંગ લ્યો,**
**ટોપલો ભરી કાંગ લ્યો, ખોબલો ભરી કાંગ લ્યો,**
**સુપડું ભરી કાંગ લ્યો, ગાડા ભરી કાંગ લ્યો.'**

કંગનીનો પાક સંવેદનશીલ છે. જીવજંતુઓ, પક્ષીઓ, ઉંદરો, સૂટફ્લાય (માખીની એક જાત), ચાચર, ઈયળ, ખળમાકડી વગેરે દ્વારા તેના ઉપર હુમલો થઈને પાકને ઘણું નુકસાન થતું હોય છે. તે પોચું અનાજ હોવાથી ચકલીને ખૂબ જ પ્રિય છે. અન્ય પાકના રક્ષણ માટે તેમજ ખેતરમાં આવતા પક્ષીઓને ચણ મળી રહે તે માટે લોકો પોતાના ઘેર ચણમાં કાંગ મૂકવાનું પસંદ કરતા હોય છે. જ્યારે ઘણા ખેડૂતો ખેતરમાં સેઢાની નજીકની બે લાઈનમાં કાંગ વાવતા હોય છે. આમાં પણ ગોળ, પીળી અને મોટી કંગની બર્ડ ફૂડ (પક્ષીઓનો ખોરાક) તરીકે વધુ પસંદ કરાય છે. કાંગ પૌષ્ટિક આહાર છે. આથી જ ઢોરને પણ આહાર તરીકે આપવામાં આવે છે. યુરોપ અને અમેરિકામાં તો તેનો સાઈલેજ માટે મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. સાઈલેજ એટલે મકાઈ, ફળો અને ઘાસ જેને કાપીને પશુઓના ચારાના રૂપમાં કાં તો ખાડામાં કે લાંબી નાળીમાં કે મોટા ટાવરમાં એમ કોઈ પણ રીતે સંગ્રહ કરવામાં આવે છે અને જ્યારે શિયાળામાં પશુઓને ઘાસચારો પુરતો મળતો નથી ત્યારે તેમને ખોરાક પૂરો પાડવા માટે તથા પક્ષીઓના દાણા માટે પણ મર્યાદિત હદ સુધી વાવવામાં આવે છે.

કાંગમાંથી વિવિધ પ્રકારના વ્યંજનો બનાવી આપણા આહારમાં સામેલ કરી શકાય છે. દા.ત. ભાત, પુલાવ, ખીચડી, ઢોંસા, ઉપમા, રોટી, લાડુ, ખીર, ઈડલી, માટી, પોંગલ કેટલીક પરંપરાગત ચીજો વગેરે બનાવીને આપણા બ્રેકફાસ્ટ, લંચ અને ડિનરમાં સામેલ કરી શકાય છે.

ભારત ઋષિઓની ભૂમિ છે. આપણા ઋષિમુનિઓ કહે છે કે, માનવ! તું સૂર્ય બન એટલે કે સૂર્યમાં જેમ અલગતા છે, તેમ તું પણ અલગ રહીને તારી મનુષ્યતા જાળવી રાખ. નદી, સરોવરો, સમુદ્રમાંથી લીધેલું પાણી સૂર્ય સંગ્રહ કરવાને બદલે મેઘ રૂપે વરસાવી દે છે. તો હે માનવ તું સૂર્ય

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# મંદિરમાં : 'બાલદેવો ભવ'

- હિરજીભાઈ નાકરાણી

મંદિર શબ્દ મૂળ સંસ્કૃત ભાષાનો છે. તેનો સાદો અર્થ થાય છે ઘર કે રહેઠાણ. મન+દર આ બે શબ્દોની સંધિ થકી શબ્દ બન્યો તે મંદિર. 'મ' એટલે મમ - હું અને 'ન' એટલે 'નહીં.' જ્યાં 'હું' નહીં એટલે કે જે સ્થળ પર પ્રવેશતાની સાથે 'હું' અહં, અહંકારનો લોપ થઈ જાય તેવું પવિત્ર અને શાંતિ આપનારું સ્થળ એટલે મંદિર.

મનનો સાધો અર્થ પણ મન થાય છે પણ 'દર'નો અર્થ થાય છે દ્વાર. એટલે કે જ્યાં મનનું દ્વાર ખોલી નાખવામાં આવે તે મંદિર. આપણે જાણીએ અને સમજીએ છીએ કે ઈશ્વર માત્ર મંદિરની ચાર દિવાલમાં બંધિત થયેલો નથી. એ તો યત્ર, તત્ર, સર્વત્ર વ્યાપેલો છે. મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠિત થયેલ કોઈ દેવ, દેવીની મૂર્તિનું દર્શન કરીને આપણે ધન્ય થયાનો અનુભવ કરીએ છીએ. તતક્ષણ આપણે ભાવાવેશમાં આવી જઈએ છીએ.

આટલી વાત કર્યા પછી આપણે મૂળવાત પર આવીએ. બાલશિક્ષણના પ્રણેતા ગિજુભાઈ બધેકાએ બાળકોની પાઠશાળાને બાલઘર નહીં પણ બાલમંદિર શબ્દથી નવાજ્યું છે. બીજા અર્થમાં બાલઘર કે જ્યાં ઘર જેવું નિર્મળ અને પવિત્ર વાતાવરણ હોય છે.

જો ગિજુભાઈને ખોળે પુત્ર નરેન્દ્રનો જન્મ ન થયો હોત તો બાલઘરને બાલમંદિરનું નામ ન અપાયું હોત અને બાલ શિક્ષણનો વિચાર પણ પ્રગટ ન થયો હોત. ભલું થજો ભગવાનનું કે ગિજુભાઈને ખોળે નરેન્દ્રનો જન્મ થયો અને બાલ શિક્ષણનો સૂર્યોદય થયો.

પિતા તરફથી બાળકને મળેલ અઢળક પ્રેમે જ્યારે યુનિવર્સલ રૂપ ધારણ કર્યું તેમાંથી જન્મ થયો બાલમંદિરમાં પ્રવેશ પામનાર બાળકોની મૂછાળી માનો. બાલ શિક્ષણનો વિચારતો નરેન્દ્રના યાર્દુભાવમાંથી થયો છે. ગિજુભાઈનું પ્રેરક બળ નરેન્દ્રનું બાળપણ રહ્યું છે.

ગિજુભાઈએ બાલપાઠશાળાનું ધરુવાડિયું ઘરમાં જ પેદા કર્યું. આ ધરુવાડિયું સમગ્ર બાલશિક્ષણનું પ્રેરણાસ્થાન રહ્યું હતું. પ્રથમ નરેન્દ્રના બાળપણ સાથે ગિજુભાઈ એ પોતાનું બાળપણ જોડી દીધું અને નરેન્દ્રના બાળપણે ગિજુભાઈને ઘણું ઘણું શીખવ્યું અને ઘણું ઘણું છોડવા જેવું લાગ્યું તે છોડીને ગિજુભાઈ બાળક જેવા થઈ ગયા. બાળકોને સાચી રીતે ઓળખવાનો અને તેને ઘાટ આપવાનો કિમિયો પણ મળી ગયો. નરેન્દ્રને તેઓ પોતાની રીતે અઢળક પ્રેમ, નિર્ભયતા, સલામતી અને સંરક્ષણના પાયા પર નિખાલસ વાતાવરણમાં ઉછેરવા માગતા હતા. જે ભાવના નરેન્દ્ર માટે હતી તે ભાવના બાલમંદિરમાં પ્રવેશ પામેલ સમગ્ર બાળકો માટે પણ હતી. તેમણે બાળકોને દેવ માનીને બાલદેવો ભવનું સૂત્ર આપ્યું. તેઓ કહેતા હતા, ''બાળકોની ઉપાસના કરતા રહો, તેની સેવા કરતા રહો અને સારું જીવન જીવવાની કળા શીખવતા રહો અને બાળકોમાં જ પોતાના ઈષ્ટદેવનું દર્શન કરતા રહો.''

બાલમંદિરને તેમણે બાલદેવો ભવની ઉપાસના માટેનું મંગળ કેન્દ્ર ગણાવ્યું હતું. બાળકોનું દિલ નિર્દોષ, નિખાલસ અને પ્રેમપિપાસુ બનીને કાલુ માછલી જેમ વર્ષાબિન્દુની રાહ જોતી હોય છે તેમ બાળકો પ્રેમ ધારાની સતત રાહ જોતા હોય છે.

ગિજુભાઈ દમનવાળી શિસ્તમાં માનતા નહોતા.

તેઓ મુક્ત અનુશાસનમાં માનનારા હતા. એટલે જ તેમના બાલમંદિરમાં મુક્ત વાતાવરણ હતું. જો નરેન્દ્ર ગિજુભાઈને ખભે ચડી શકતો હોય તો બાલમંદિરના બાળકો કેમ ન ચડી શકે? અરે મૂછો તાવ દેવા માટે નહીં પણ મમતા પેદા કરવા માટે છે. સામાન્ય રીતે મોટી મૂછ અને મોટી ગોળ આંખ ડોળા કાઢીને ડરાવવા માટે નહીં પણ એ આંખોમાં પ્રેમનો દરિયો બાળકો જોવા ને ભીંજાવા માગે છે. ગિજુભાઈની મૂછના એક્કે એક વાળમાં પ્રેમના દર્શન થતા હતા. મૂછમાં પણ નરમાશ અને નમણાશ હોય છે.

નરેન્દ્રના ઉછેર અને કેળવણી માટે તો ગિજુભાઈએ વકીલાતની ધીકતી કમાણી છોડીને શિક્ષણમાં ઝંપલાવ્યું. તેમણે નરેન્દ્રના ઉછેરમાંથી સમગ્ર બાળકો માટે પાયાની કેળવણીનું દર્શન કર્યું. તેમને બાળકોમાં જ ઈશ્વરના દર્શન થયા. બાળકોની સેવા પૂજા એજ ભગવાનની સેવા-પૂજા ગણીને પોતાનો ધર્મ બજાવ્યો હતો.

મંદિર આરાધનાનું કેન્દ્ર છે. પૂજાનું ઘર છે. ઉપાસનાનું મથક છે તે રીતે બાલમંદિર એ બાળકોનું ઘર છે. ઉપાસના અને આરાધનાનું કેન્દ્ર પણ છે. એટલે જ તો 'બાલદેવો ભવ' બાલમંદિરમાં બિરાજે છે. બાળકો દેવ સમાન નહીં પણ બાળકો જ દેવ છે. એવી વિભાવના શિક્ષણક્ષેત્રમાં ગિજુભાઈએ પ્રસ્થાપિત કરી હતી.

મંદિરને આપણે પવિત્ર સ્થળ ગણીએ છીએ. તો, જે મંદિરમાં જીવતા દેવ બિરાજતા હોય તો તે પણ પવિત્ર સ્થળ ગણાય. આવી સરળ વિભાવના તેમણે શિક્ષણ જગતને આપી હતી. અને એ મંદિરમાં ભણતા બાળકો પણ ઈશ્વર સ્વરૂપ છે. કેમકે તેઓ સાવ નિર્દોષ, ભોળા, પવિત્ર અને નિખાલસ હોય છે. બાળકો જન્મથી નિષ્કલંક, નિર્દોષ અને સરળ હોય છે. એટલે જ તેમનું સન્માન થવું જોઈએ. અપમાનની તો વાત જ આવતી નથી.

રૂસો જેવો ફ્રાંસનો મહાન તત્ત્વચિંતક કહી ગયો છે, કે માણસ જન્મે છે ત્યારે મુક્ત હોય છે પણ પછી તે દરેક ક્ષણે ચેઈનથી બંધાતો જાય છે. અને તેની નિર્દોષતા નિખાલસતા ચાલી જાય છે. પછી તો તે પણ સમાજના દોષોથી મુક્ત થઈ શકતો નથી. આ હકીકત દીવા જેવી સત્ય છે.

બાળક જન્મે ત્યારે નિર્દોષ અને પવિત્ર હોય છે પણ ઘરમાં તેનો જે રીતે ઉછેર થાય છે તેના પર માતા-પિતાના વિચારો અને સંસ્કારોનો પ્રભાવ પડે છે. નાના-મોટા કુટુંબના અન્ય સભ્યો અને છેવટે આસપાસનો સમાજ અને શાળાનો સમાજ તેને પ્રભાવિત કરે છે. આમ વિચારોનો મેલ, લાગણીઓનો મેલ અને કર્મોનો મેલ બાળક પર ચડતો જાય છે. છેવટે બાળપણની નિર્દોષતા ગાયબ થઈ જાય છે. આ છે સમાજનો ઢાંચો અને વરવું સ્વરૂપ.

આમાંથી બચાવવા માટે બાળકને અઢળક પ્રેમની જરૂર છે; પૈસાની નહીં. રમકડાં બાળકોને રાજી કરી શકે, ક્રિડાંગણના સાધનો બાળકને ખુશખુશાલ કરી શકે પણ અંતરનો અસલી આનંદ તો પ્રેમ જ આપી શકે. જ્યાં પ્રેમ હોય ત્યાં નિર્ભયતા હોય જ અને જ્યાં નિર્ભયતા હોય ત્યાં નિખાલસતા, સરળતા અને સહજતા પણ હોય જ. બાળકના શારીરિક બંધારણ માટે જેમ દૂધની જરૂર છે તેમ માનસિક અને સાંવેગિક બંધારણ માટે પ્રેમની જ જરૂર હોય છે. પ્રેમ એ બાળકને સાચો માનવ બનાવનાર ટોનિક છે.

બાલમંદિર એ ઈશ્વરનું ઘર હોય તો, તેની પવિત્રતા હંમેશ માટે જળવાઈ રહેવી જોઈએ. આ જવાબદારી બાલમંદિરમાં સેવા આપતા શિક્ષક કે શિક્ષિકાની છે. જો તેનું હૈયું પ્રેમથી છલોછલ નહીં હોય તેમણે આ ક્ષેત્રને છોડીને બીજું ક્ષેત્ર પકડી લેવું

જોઈએ. બાળકોને સંસ્કાર આપી સંસ્કૃત બનાવવા શિક્ષણનો ફાળો બહુ મહત્વનો ગણાય છે. તેથી સંસ્કાર પ્રેમ વગર સંભવી શકે નહીં. સંપૂર્ણ સ્વતંત્રતા નિર્ભયતા વગર પ્રગટ થઈ શકતી નથી. વ્યક્તિત્વની ખીલવણી માટે પાયાના તત્વો એટલે કે પ્રેમ, નિર્ભયતા, નિખાલસતા, સરળતા, સહજતા, સ્વતંત્રતા, સંરક્ષણ અને સલામતી. આ બધા સંસ્કાર ઘડતરનું મજબૂત ધરુવાડિયું પેદા કરે છે.

ગિજુભાઈએ પોતાના જેવા શિક્ષકો પેદા કરવા માટે બાલ અધ્યાપન મંદિર શરૂ કર્યું : જેમાં શિક્ષકોને, સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપી તૈયાર કરવાની બહુ મોટી જવાબદારી અદા કરી હતી. શિક્ષકને જોઈને બાળક દોડીને ભેટી ન જાય અને બાળક જોઈને જે શિક્ષક બાળકને ઉચકી ન લે તેણે આ ક્ષેત્ર પસંદ નહીં કરવું જોઈએ.

જેમ ગાયને દોહવા જતી વખતે માલિકને જોઈને તેના હાથ અને આંગળાંનો આંચળને સ્પર્શ થતા પરાહવો છૂટી જાય છે તેમ બાળકને જોઈને, હૂંફથી ભેટીને હૈયું કોળી ન ઊઠે તે શિક્ષક કદી સફળ થઈ શકે નહીં. તે માટે શિક્ષકે બાળકના મનનો અને સંવેદનાનો અભ્યાસ કરવો પડે છે અને કાર્યશીલતા બતાવવી પડે છે. બાળમનોવિજ્ઞાનને શિક્ષણમાં ગિજુભાઈ થકી પ્રવેશ મળ્યો. બસ ત્યારથી શિક્ષકકેન્દ્રી અને વિષયકેન્દ્રી મટીને બાલકેન્દ્રી શિક્ષણની નવી જ વિભાવના ગિજુભાઈ થકી શિક્ષણ જગતમાં પ્રવેશ પામી.

સંસ્કારોનું પ્રથમ ઘડતર ઘરમાં માતા-પિતા થકી જ થાય છે. તેમને ઘરના તમામ સભ્યોનો પ્રેમ, હૂંફ મળતાં તે પણ સંસ્કાર ઘડતરમાં ફાળો આપે છે. બાકીનો ફાળો બાલમંદિરમાં પ્રવેશ પામતા બાળકોને બાલમંદિરના શિક્ષકો તેમના જીવાતા જીવનના વર્તન વ્યવહારથી અંતિમ ફાળો આપે છે. બસ આ પાંચ વર્ષની ઉંમર સુધી બાળક જે બનવા માંગે છે તેના બીજ રોપાઈ જાય છે. પછી તો એ બીજને આગળ જતા કેવું પાણી મળે છે, કેવું ખાતર અને રક્ષણ મળે છે તેના પર સંસ્કાર અને શિક્ષણની ભવ્ય ઈમારત બંધાય છે.

વ્યક્તિત્વનું સાચું ને પાયાનું ઘડતર બાલમંદિરમાં બાળકોને અપાતી પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ થકી થાય છે. આ ઘડતર ઉપર આગળ જતા ચણતર થાય છે. આમ વ્યક્તિત્વની ઈમારતનો મજબૂત પાયો બાલમંદિરથી ધરબાય છે અને એ પાયા પર મજબૂત અને દૃઢ વ્યક્તિત્વનું ચણતર થાય છે; શાળા, કૉલેજના દ્વારમાં.

આપણે મોટેરાઓ આપણું બાળપણ ભૂલી જઈએ છીએ ત્યારે આપણા બાળકોને સાચી રીતે સમજી શકતા નથી. ખરેખર તો આપણા બાળકને આપણે જ ઓળખી શકતા નથી. તેમાંથી ઘરમાં અને આગળ જતા શાળા અને સમાજમાં ઘણી સમસ્યાઓ પેદા થઈ જાય છે એ પણ જાણે અજાણે.

ખરેખર ઘરમાં બાળક સમસ્યા પેદા નથી કરતું પણ ઘરમાં માતા-પિતા ઘણી વખત સમસ્યાત્મક બની જાય છે. પછી તો 'દુખે માથું અને પેટ કુટ્યા' જેવી સ્થિતિ થઈ જાય છે. જો માતા-પિતા અઢળક પ્રેમ આપી પોતાના સંતાનને સાચી રીતે સમજવાની કોશિશ કરે અને તેની મૂલવણી બાળક તરીકેની થાય તો બાળકો સમસ્યાત્મક બનતા અટકી જશે.

ઘરમાં મોટેરાંઓનો અહં, આગ્રહ કે હઠાગ્રહ બાળકોના મનને બગાડે છે. ખાટું કરી નાખે છે. બાળકો બગડતા નથી પણ ઘરમાં થતા વર્તન-વ્યવહારો તેને બગાડે છે. એ નિર્વિવાદ છે. બાળકો નિર્દોષ હોય છે તે હકીકત છે. પણ તે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ લઈને જન્મે છે. તે ભૂલાવું ન જોઈએ. બાળક એ માતા-પિતાનો અંશ જરૂર છે પણ તે ગુલામ નથી. આગળ કહ્યું તેમ જન્મે છે સ્વતંત્રતા લઈને. પછી જે ઘટના ઘટે છે તેમાંથી

આપણે અજાણ નથી.

જ્યારે માતા-પિતાનો અહં બાળકના અહં સાથે ટકરાય છે ત્યારે અગ્નિનો વિસ્ફોટ થાય છે, જે અણુબોમ્બના વિસ્ફોટ કરતા જરાય ઉતરતો નથી હોતો. ઘરમાં માતા-પિતાની કડક શિસ્ત પાળવા માટેના કેટલાક આગ્રહો કે હઠાગ્રહો બાળકના માનસ અને સંવેગોને સમજવા માટેના દ્વાર બંધ કરી દે છે. પરિણામે બાળક સમસ્યાત્મક બની જાય છે. પણ તે પહેલાં માતા-પિતા જ બાળક માટે સમસ્યાત્મક બની ગયેલા હોય છે. બાળક માતા-પિતાને નડે તેના કરતા માતા-પિતાની નડતર જીવાતા જીવનમાં અનેક સમસ્યાઓ ખડી કરે છે.

બાલમંદિરમાં અક્ષરજ્ઞાન આપવાની ઉતાવળ કરવા જેવું નથી. પણ બાળકની સંવેદનને ઉજાગર કરી તેને સંવેદનશીલ બનાવવા માટે શિક્ષક કે શિક્ષિકા જેટલા પ્રેમાળ અને સંવેદનશીલ હશે તેટલી સંવેદનશીલતાનું બાળકમાં ઘડતર થશે. આમ જોઈએ તો કૂવામાં હોય તો અવાડામાં આવે અને કૂવામાં જેવું હોય તેવું જ અવાડામાં આવતું હોય છે. એટલે કૂવો મહત્ત્વનો છે અને તેમાંના સ્વચ્છ પાણીની પણ એટલી જ મહત્તા છે.

ગિજુભાઈના જમાનાની વાત આપણે નથી કરવી પણ તેમણે આપેલ બાલશિક્ષણના સિદ્ધાંતો અને જીવન વ્યવહારની વાત આજના જમાનાને લક્ષમાં રાખીને કરવી છે. આજનું શિક્ષણ સ્પર્ધાત્મક થઈ ગયું છે. સ્પર્ધા કદી નિર્દોષ હોતી નથી. એકબીજાના અહં સ્પર્ધામાં ટકરાય છે ત્યારે ફાયદો થવાને બદલે નુકસાન વધુ થાય છે. તે પણ બન્ને પક્ષે. શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક અને સાંવેગિક ખુવારીનો ભોગ બન્ને પક્ષે બનવું પડે છે. સ્પર્ધાનો ગિજુભાઈએ સ્વીકાર નહોતો કર્યો. એટલે શિક્ષણમાં પવિત્રતા હતી. બદબોઈ સાવ નહોતી, એમ નહીં પણ એનું પ્રમાણ ઓછું હતું.

આજની ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષણમાં થઈ રહ્યો હોવાથી વિકાસની તકો વધુ અને ઝડપી બની છે. આજનું અર્થલક્ષી શિક્ષણ માનવતાને ભૂલી રહ્યું છે. બીજાની લીટીને નાની બનાવવા માટે પોતાની લીટી મોટી બનાવવામાં વિશ્વના દેશો મથી રહ્યા છે.

ભારતીય શિક્ષણની પરંપરાને આધુનિક શિક્ષણે ઘણું નુકસાન પહોંચાડ્યું છે. તેની સાથે વિકાસની તકો ઉજળી પણ બની રહી છે. વિકાસ ભૌતિક સાથે સાથે અધિભૌતિક વિકાસ તરફ લક્ષ ચૂકાઈ જતા માનવતાને ઘણું નુકસાન પણ પહોંચાડી રહ્યું છે.

આજનો શિક્ષક બાળકોનો બોસ બની રહેશે તો કામ નહીં થઈ શકે પણ જો તેનો મિત્ર બનીને પ્રેમ અને સહાનુભૂતિથી બાળકો પાસેથી કામ લઈ શકશે તો તે સફળતા પામશે. આજ સુધી શિક્ષકોએ ઘણું ભણાવ્યું. કમ્પ્યૂટરના જમાનામાં ભણાવવું ગૌણ બની ગયું છે. આજે બાળકને ભણાવવાની જરૂરી નથી પણ તેને સ્વયં ભણવા માટે આત્મનિર્ભર કરવાની જરૂર છે.

જો શાળા કે શિક્ષક બાળકો પાસેથી વધુમાં વધુ પ્રાયોગિક કાર્ય કરાવશે તો બાળકનો આત્મવિશ્વાસ વધશે અને અંતે તે આત્મનિર્ભર બની શકશે. આજનો જમાનો બાળકોને વધુને વધુ આત્મનિર્ભર બનાવવાનો છે. કેળવણી જીવનની, જીવન માટેની, જીવન દ્વારા અપાવી જોઈએ જેનો આજે વધુમાં વધુ અભાવ થઈ રહ્યો છે, એની પૂર્તિ કેમ થાય તેનો વિચાર કરવો જોઈએ. આજનું શિક્ષણ વિચાર પરિવર્તન, વર્તન પરિવર્તન માંગી રહ્યું છે.

- નિવૃત્ત પ્રિન્સિપાલ, પી.ટી.સી. કૉલેજ
(મો) ૯૧૦૬૦૭૭૦૭૬

માતૃભાષા ખોઈશું તો-

# સર્જકત્વ, પ્રત્યાયન અને સંસ્કૃતિનો હ્રાસ!

- કુમારપાળ દેસાઈ

આશરે સાત કરોડની ગુજરાતની પ્રજા અને એની સામે ઊભેલું માતૃભાષાનું મહાસંકટ! ગુજરાતની જેટલી વસ્તી છે, એનાથી ઓછી વસ્તી ધરાવતા વિશ્વના ચાળીસ જેટલા દેશોએ પોતાની માતૃભાષા વિકસાવી છે. એ દેશો પોતાનું આંતરસત્ત્વ છોડીને અંગ્રેજી ભાષાના કે અન્ય કોઈ ભાષાના પ્રવાહમાં વહી ગયા નથી. 2021માં નૉર્વેની વસ્તી 54 લાખ અને 10 હજાર હતી. ઇઝરાયલની 93 લાખ અને 60 હજાર હતી અને સ્વીડનની વસ્તી ઈ.સ. 2021માં એક કરોડને 40 લાખની હતી. આ બધા દેશોમાં માતૃભાષા ગૌરવભર્યા સ્થાને બિરાજે છે અને સર્વત્ર પ્રયોજાય છે. આના માટે કોઈ એક વર્ગ નહીં, પણ સમગ્ર પ્રજા જાગૃત છે.

દોઢ કરોડથી પણ ઓછી વસ્તી ધરાવતા સ્વીડનમાં એની માતૃભાષામાં ચર્ચા-વિચારણા કરતાં કેટલાં મંડળો છે, તે તમે જાણો છો? એના કોઈ નાનકડા ગામમાં જાઓ, તોપણ તમને માતૃભાષામાં ચર્ચા કરતાં ત્રણચાર મંડળો મળી રહે. સમગ્ર સ્વીડનમાં કુલ 27 હજાર ચર્ચામંડળો છે. આ મંડળોમાં વિવિધ વિષયો પર ચર્ચા ચાલતી હોય છે. આને પરિણામે માતૃભાષાને વધારે પ્રભાવક રીતે રજૂ કરવાનો સતત પ્રયાસ ચાલતો રહે છે. માત્ર વિદ્વાનોનાં ચર્ચામંડળોની આ વાત નથી. જુદા જુદા અનેક પ્રકારનાં ચર્ચામંડળો પોતાના વિષય પર ચર્ચાનું આયોજન કરતાં હોય છે. સામસામી દલીલો કરતાં હોય, પોતાના તર્ક રજૂ કરતાં હોય, વિરોધીની દલીલ પર 'હુમલો' કરતાં હોય અને પછી એમાં ક્યાંક કવિતાની પંક્તિઓ આવતી હોય તો ક્યાંક એમની નુક્તેચીનીમાં કોઈ સુવાક્ય ગૂંથી લેવામાં આવતું હોય. કવિ નર્મદના જમાનામાં 'મંડળી મળવાથી થતા લાભ'ની વાત થતી હતી. જુદી જુદી ચર્ચાસભાઓ યોજાતી હતી. આજે ગુજરાતી ભાષામાં કેટલાં ચર્ચામંડળો ચાલે છે? એથીય વધારે તો એક સમયે અમદાવાદમાં મહાદેવ દેસાઈ ટ્રૉફીનો ભારે મહિમા હતો. કાલેજો પોતાના વિદ્યાર્થીઓને આને માટે ખૂબ પ્રોત્સાહિત કરતી હતી. આજે આખી પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે.

માતૃભાષાથી જેમ જેમ દૂર થતા જઈશું તેમ તેમ સર્જનાત્મકતા ઝાંખી પડતી જશે. આજના શિક્ષણવિદો વારંવાર કહે છે કે શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પરંતુ સર્જકત્વ ઘટ્યું છે. વર્તમાન શિક્ષણપદ્ધતિમાં આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિએ અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા વિચારતા થયા છીએ; પરંતુ અગાઉ જે સર્જનશીલતા પ્રગટતી હતી, એ હવે ધીરે ધીરે ઝાંખી થતી જાય છે, તેનું કારણ શું? આ અંગે થયેલાં સંશોધનોમાંથી એ તારણ પ્રગટ થયું કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે અને તેમાં વિશેષ કામગીરી કરે છે તેઓ વધારે અનુકરણાત્મક (ઇમિટેટિવ) બની જાય છે અને ઓછા સંશોધનાત્મક (ઇનૉવેટિવ) કહે છે.

આને કારણે જ આજે ભાર વિનાનાં ભણતરની વાત થાય છે; પરંતુ શિક્ષણનો ભાર અને દફતરનું વજન વધતું જ જાય છે. શાળાશિક્ષણને બદલે ટ્યૂશનની પ્રથા કૂદકે ને ભૂસકે વધી રહી છે. જ્ઞાન એ સાહજિક પ્રક્રિયા રહ્યું નથી. આજે દસ વર્ષના બાળકને

પચીસ શિક્ષકો ભણાવતા હોય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. વહેલી સવારના પાંચ વાગ્યાથી ટ્યૂશન ક્લાસ શરૂ થાય છે અને મોડી રાત સુધી તે ચાલતા હોય છે. જેમ એક સમયે સારું શિક્ષણ આપતી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે ભારે ધસારો થતો હતો, એ જ રીતે આજે સારાં પરિણામ લાવતા વિદ્યાર્થીઓ જે ટ્યૂશન ક્લાસમાં ભણે છે, ત્યાં વધુ ધસારો રહે છે. આ ઘા પર મીઠું ભભરાવવાનું કામ સમૂહમાધ્યમોએ કર્યું. બે-અઢી વર્ષના બાળકને ડે-કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવે છે. હવે તો એથીય આગળ વધીને વેકેશન કેર સેન્ટર શરૂ થયાં છે, જેમાં રવિવારની રજાના દિવસે પણ બાળકોને રાખવામાં આવે છે. આ રીતે શિક્ષણ અને સમૂહમાધ્યમોએ માતા-પિતા પાસે ઓછામાં ઓછા સમય બાળક રહે એવી સ્થિતિ સર્જી છે.

મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માતૃભાષામાં લખી. ગાંધીજીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ ઘણું સારું હતું. એમણે લખેલા 'હિંદ સ્વરાજ'નું અંગ્રેજી એના ગુજરાતી કરતાં વધુ પ્રભાવક લાગે છે. 'ઈન્ડિયન ઓપિનિયન'માં પ્રગટ થયેલા લેખોમાં પણ અંગ્રેજી ભાષા પરનું મહાત્મા ગાંધીજીનું પ્રભુત્વ જોવા મળે છે. આવું હોવા છતાં એમણે માતૃભાષામાં આત્મકથા લખવાનું એ માટે નક્કી કર્યું કે એમાં પોતાના હૃદયના ભાવ પ્રગટ કરવાનું સહજસિદ્ધ લાગ્યું. આ રીતે જો માતૃભાષા ભુલાતી જશે તો વ્યક્તિનું આંતરસત્ત્વ અને એની ચેતનાનું પ્રાગટ્ય ઝાંખું પડશે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈને એના સાપેક્ષતાના સિદ્ધાંતની વાત જર્મન ભાષામાં લખી. એ જ રીતે એરિસ્ટોટલે અને કાર્લ માર્ક્સે પણ પોતાના વિચારો પોતાની માતૃભાષામાં પ્રગટ કર્યા. વિશ્વમાં પ્રબળ પરિવર્તન આણનારા વિચારો મુખ્યત્વે માતૃભાષામાં પ્રગટ થયા છે, આથી માતૃભાષા એ વ્યક્તિની સર્જનાત્મકતાનું સબળ અને પ્રભાવક વાહન છે.

માતૃભાષા એ પ્રત્યાયન (કોમ્યુનિકેશન)નું મહત્ત્વનું સાધનછે. આજે માતૃભાષાના અભાવને કારણે કેવી દુ:ખદ પરિસ્થિતિ ઊભી થઈ છે! અમેરિકાથી આવેલા પૌત્ર સાથે એના દાદાની વાતચીતમાં મોટું અંતર જોવા મળે છે. ઘણા યુવાનો પોતાનાં માતા-પિતાને અમેરિકામાં પોતાનાં સંતાનોને સાચવવા બોલાવે છે, ત્યારે જો માતૃભાષામાં વ્યવહાર થતો ન હોય તો એમની વચ્ચે મોટી ખાઈ સર્જાય છે અને ધીરે ધીરે તો એવી દયામણી સ્થિતિ જોવા મળે છે કે ન પૂછો વાત. અમેરિકાના એક કાર્યક્રમમાં એક યુવતીએ મધુર કંઠે ગુજરાતી ગીત ગાયું, પરંતુ એને ગુજરાતી ભાષામાં વાંચતાં આવડતું ન હતું. એણે એની સ્ક્રિપ્ટ રોમન લિપિમાં લખી હતી.

માતૃભાષા જાય તો સર્જકતા ખોવાય, બે વ્યક્તિ વચ્ચેના સંવાદમાં વિસંવાદ બને અને એનાથીયે મોટું ભયસ્થાન તો મૂલ્યો અને સંસ્કૃતિનું છે. દરેક પ્રજા પોતાનાં મૂલ્યો પર જીવતી હોય છે અને એ રીતે એમની પરંપરા સાથે જોડાણ સાધતી હોય છે. આથી સૌથી વિકટ પ્રશ્ન એ મૂલ્યો અને સંસ્કૃતિનો વારસો પછીની પેઢીને આપવાનો આવે છે. શ્રીમદ્ ભગવદગીતાના કર્મયોગની વાત થાય ત્યારે 'કર્મ' શબ્દનો અંગ્રેજી અનુવાદ અતિ મુશ્કેલ છે. એમાં પણ 'કર્મ શબ્દની અંગ્રેજીમાં અર્થચ્છાયાઓ પકડવી, એ તો એનાથીયે વધુ કપરાં ચઢાણ જેવી. વળી હિંદુ કર્મવાદ અને જૈન કર્મવાદની ભિન્નતા બતાવવી હોય તો તે વળી મોટો સવાલ ઊભો કરે.

થોડાં વર્ષો પૂર્વે આચાર્ય ઉમાસ્વાતિજીએ ચોથી સદીમાં લખેલા 'તત્ત્વાર્થસૂત્ર' ગ્રંથના અંગ્રેજી અનુવાદનું કાર્ય ચાલતું હતું. ત્યારે જૈન પરિભાષાના 'સમ્યક્ દર્શન' શબ્દ માટે કલાકોના કલાકો સુધી ગડમથલ કરી હતી. બ્રિટનમાં શબ્દો ઘડી આપનારા 'વર્ડ સ્મિથ' હોય છે. એવા વર્ડ સ્મિથ સાથે બેસીને

જૈન દર્શનના સૌ અભ્યાસીઓએ લાંબી ચર્ચા કરી અને અંતે (enlightended viewpoint) શબ્દ પસંદ કર્યો, પણ સાથે લખ્યું કે આ શબ્દ મૂળ શબ્દના ભાવને પૂરેપૂરો પ્રગટ કરતો નથી.

વળી બીજી ભાષામાં વિચાર કરવાની આપણે કોશિશ કરીએ છીએ, પણ એને પૂરેપૂરી અપનાવી શકતા નથી. એનું કારણ એ છે કે સર્જનાત્મકતા એ આંતરિક બાબત છે, સંવાદ એ બે વ્યક્તિ વચ્ચે સધાય છે અને કલ્ચરનો સંબંધ સમૂહ સાથે છે. આ રીતે બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વની માવજતને માટે માતૃભાષાનો અભ્યાસ જરૂરી છે. બાળક સૌથી વધુ શિક્ષણ ઘરમાંથી લેતું હોય છે અને તેથી માતૃભાષા એને જીભવગી અને હૃદયલગી હોય છે. કુદરતે આપણને ગુજરાતી ભાષા આપી; પરંતુ એની આપણે કરેલી માવજત નબળી છે. સર્જકો, શિક્ષકો, ગ્રંથપાલો અને સમાજના હિતચિંતકો ગુજરાતી માતૃભાષા માટે કટિબદ્ધ બનીને આંદોલન કરે છે, પણ વિજ્ઞાનીઓ, અર્થશાસ્ત્રીઓ, મેનેજમેન્ટના નિષ્ણાતો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને શ્રમજીવીઓ એમાં ક્યાં છે? શિક્ષણમાં સરકાર માતૃભાષાના પ્રોત્સાહન માટે પ્રયાસ કરે છે. છેક મેડિકલ વિદ્યાશાખામાં પણ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. પણ એ માટે વિદ્યાજગતની સક્રિયતા કેટલી?

માણસ બહુભાષી છે અને તેથી એકવીસમી સદીના સમગ્ર પરિવેશ પર વિચાર કરીએ તો આજે વ્યક્તિને માટે ત્રણ પ્રકારની ક્ષમતા જરૂરી છે. એક સ્થાનિક (લોકલ સિચ્યુએશન), બીજી રાષ્ટ્રીય (નેશનલ), ત્રીજી વૈશ્વિક (ગ્લોબલ). આ ત્રણેય પરિસ્થિતિમાં જુદી જુદી ભાષા કામ લાગે છે. માતૃભાષા, રાષ્ટ્રભાષા અને વિદેશી ભાષાને આ દૃષ્ટિએ જોઈ શકાય અને એ રીતે અંગ્રેજી ભાષાને પણ સારી રીતે શીખી શકાય. આપણી મુશ્કેલી તો એ થઈ કે આપણે ગુજરાતી ખોયું અને અંગ્રેજી આવડ્યું નહીં!

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

માટે છાત્રાપોથી તૈયાર કરાવી. સણોસરા લોકભારતીની સંસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સમાવી. લોકસાહિત્યની જાળવણી માટે સ્વતંત્ર વિભાગ કર્યો.

કુલપતિ તરીકે તેઓ દર વર્ષે ત્રણ દિવસનું ઉપવાસ-સત્ર યોજીને વ્યવહાર શુદ્ધિ માટે જાગૃતિ આણતા.

સને 1970માં એમનું શરીર લથડ્યું. અલીઆબાડાની સંસ્થાએ ચિંતા સાથે પત્ર લખ્યો કે કુલપતિપદની જવાબદારીમાંથી મુક્ત થઈ અમારી વચ્ચે આવો. આરામ કરો. તેમનો જવાબ - 'તમારા સૌનો પત્ર મળ્યો. તમારી લાગણી હું સમજું છું. તમે જાણો છો કે છેલ્લા એક વર્ષથી મારી ઇચ્છાથી હું આ કામ કરતો નથી. ઈશ્વર આ કામ કરાવે છે અને આટલું કામ મારે કરવાનું છે એમ હું સમજું છું. એની ઇચ્છા હશે ત્યાં સુધી મારે કામ કરવાનું રહેશે.'

આમેય, યુનિવર્સિટીમાં વધતા જતા વિદ્યાવિમુખ વ્યવહારો થકી એમને ખેદ થયા કરતો હતો. વિદ્યાસંસ્થામાં રાજકારણના પ્રવેશે એમને અકળાવ્યા હતા અને હવે 68 વરસનું શરીર પણ થાકતું હતું. તેઓ કુલપતિપદેથી નિવૃત્ત તો 30મી સપ્ટેમ્બર, 1970થી થવાના જ હતા પણ વધુ નબળી થતી જતી તબીઅતવશ તેઓ 23મી ઓગસ્ટે અલીઆબાડા આવી ગયા. તારીખ 28 ના અસુખ રહ્યું. તા. 29ની બપોરે 1-40 વાગ્યે અંતિમ શ્વાસ લઈને સૌને મોડા પાડી દીધા! તેમનો વિદ્યાપ્રેમી આત્મા ચિર વિદાય લઈ ગયો

# ગંગામૈયા

- કાકા કાલેલકર

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દૃષ્ટિકોણનો કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકટ કરવાનો નિર્ણય કર્યો છે જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

ગંગા કશું ન કરત અને એકલા દેવવ્રત ભીષ્મને જન્મ આપત તોપણ આર્યજાતિની માતા તરીકે આજે તે પ્રખ્યાત હોત. પિતામહ ભીષ્મની ટેક, ભીષ્મની નિઃસ્પૃહતા, ભીષ્મનું બ્રહ્મચર્ય અને ભીષ્યમનું તત્ત્વજ્ઞાન એ આર્યજાતિને માટે હમેશનું આદરપાત્ર ધ્યેય બની ચૂક્યું છે. એવા આર્ય સંસ્કૃતિના આધારસ્તંભ જેવા મહાપુરુષની માતા તરીકે આપણે ગંગાને ઓળખીએ છીએ.

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય છે. સાચે જ નદી જનસમાજની માતા છે. નદીકાંઠાના શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય છે ત્યારે આપણને કેટલો આનંદ થાય છે! શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે તો નદીને પણ વંદન કરવું યોગ્ય છે.

આ તો થઈ સામાન્ય નદીની વાત. પણ ગંગામૈયા તો આર્યજાતિની માતા છે. આર્યોનાં મોટાં મોટાં સામ્રાજ્યો એ નદીને કિનારે જ સ્થપાયાં છે. કુરુપાંચાલ દેશનો અંગવંગાદિ દેશો સાથે ગંગાએ જ સંયોગ કર્યો છે. આજે પણ હિંદુસ્તાનની આબાદી ગંગાને કિનારે જ વધારેમાં વધારે છે.

ગંગાનું જ્યારે આપણે દર્શન કરીએ છીએ ત્યારે પાકથી ઊભરાતાં ખેતરો જ ધ્યાનમાં નથી આવતાં, માલથી લદાયેલાં વહાણો જ ધ્યાનમાં નથી આવતાં, પણ વાલ્મીકિનાં કવનો, બુદ્ધમહાવીરના વિહારો, અશોક, સમુદ્રગુપ્ત કે હર્ષ જેવા સમ્રાટોનાં પરાક્રમો અને તુલસીદાસ કે કબીર જેવા સંતજનોનાં ભજનો – એ બધાં યાદ આવે છે. ગંગાનું દર્શન એટલે શૈત્યપાવનત્વનું હાર્દિક તેમ જ પ્રત્યક્ષ દર્શન.

પણ ગંગાનું દર્શન કંઈ એકવિધ નથી. ગંગોત્રી પાસેના હિમાચ્છાદિત પ્રદેશોમાંનું એનું રમતિયાળ કન્યારૂપ, ઉત્તર કાશી તરફનું ચીડદેવદારના કાવ્યમય પ્રદેશોમાંનું મુગ્ધાસ્વરૂપ, દેવપ્રયાગના પહાડી અને સાંકડા પ્રદેશમાં ચમકીલી અલકનંદા સાથેની તેની રમત, લક્ષ્મણઝૂલાની કરાલ દંષ્ટ્રામાંથી છૂટ્યા પછી હરદ્વાર પાસેનું એનું અનેક ધારે સ્વચ્છંદ-વિહરણ, કાનપુરને ઘસીને જતો એનો

ઈતિહાસ પ્રસિદ્ધ પ્રવાહ, પ્રયાગના વિશાળ પટ ઉપરનો એનો કાલિન્દી સાથેનો ત્રિવેણી સંગમ- દરેકની શોભા કંઈક જુદી જુદી જ છે. એક દૃશ્ય જોવાથી બીજાની કલ્પના ન આવી શકે. દરેકનું સૌંદર્ય જુદું, દરેકના ભાવ જુદો, દરેકનું વાતાવરણ જુદું, દરેકનું માહાત્મ્ય જુદુ.

પ્રયાગથી ગંગા જુદુ જ સ્વરૂપ પકડે છે. ગંગોત્રીથી પ્રયાગ સુધી ગંગા વર્ધમાન છતાં એકરૂપ ગણાય. પણ પ્રયાગ પાસે એને યમુના મળે છે. યમુનાનું તો પહેલેથી જ બેવડું કાઠું છે. તે ખેલે છે, કૂદે છે, પણ રમતિયાળ નથી દેખાતી. ગંગા શકુન્તલા જેવી તપસ્વી કન્યા દેખાય છે, જ્યારે કાળી યમુના દ્રૌપદી જેવી માનિની રાજકન્યા દેખાય છે. શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા સાંભળીએ ત્યારે પણ પ્રયાગ પાસેના ગંગા અને યમુનાના મહામુશ્કેલીથી ભળતા શુક્લકૃષ્ણ પ્રવાહ યાદ આવે છે. હિંદુસ્તાનમાં અસંખ્ય નદીઓ છે અને તેથી સંગમો પણ પાર વિનાના છે. આપણા પૂર્વજોએ આ બધા સંગમોમાં ગંગાયમુનાનો આ સંયોગ સૌથી વધારે પસંદ કર્યો છે અને તેથી જ એનું પ્રયાગ-રાજ એવું ગૌરવભર્યું નામ રાખ્યું છે. હિંદુસ્તાનમાં મુસલમાનો આવ્યા પછી જેમ હિંદુસ્તાનના ઈતિહાસનું રૂપ બદલાયું, તેમ જ દિલ્હી-આગ્રા અને મથુરા-વૃંદાવન પાસેથી આવતા યમુનાના પ્રવાહને લીધે ગંગાનું સ્વરૂપ પણ પ્રયાગ પછી સાવ બદલાઈ ગયું છે.

પ્રયાગ પછી ગંગા કુલવધૂની પેઠે ગંભીર અને સૌભાગ્યવતી દેખાય છે. હવે પછી એને મોટી મોટી નદીઓ મળતી જાય છે. યમુનાનાં જળ મથુરા વૃંદાવનથી શ્રીકૃષ્ણનાં સ્મરણો અર્પે છે. જ્યારે અયોધ્યાથી આવતી સરયૂ આદર્શ રાજા રામચંદ્રના પ્રતાપી પણ કરુણ જીવનનાં સંભારણાં લાવે છે. દક્ષિણ તરફથી આવતી ચંબલ નદી રંતિદેવના યજ્ઞયાગની વાતો કરે છે, જ્યારે મહાન કોલાહલ કરતો શોણભદ્ર ગજગ્રાહના દારુણ યુદ્ધની ઝાંખી કરાવે છે. આવી રીતે પુષ્ટ થયેલી ગંગા પાટલિપુત્ર પાસે મગધ સામ્રાજ્ય જેવી વિસ્તીર્ણ થઈ જાય છે. તોપણ ગંડકી પોતાનો અમૂલ્ય કરભાર લઈ આવતાં અચકાઈ તો નથી જ. જનક અને અશોકની, બદ્ધ અને મહાવીરની પ્રાચીન ભૂમિમાંથી આગળ વધતાં ગંગા હવે ક્યાં જવું તેના જાણે વિચારમાં પડી જાય છે. આવડો પ્રચંડ વારિરાશિ પોતાના અમોઘ વેગથી પૂર્વ તરફ ધસતો હોય તેને દક્ષિણ તરફ વાળવો એ શું સહેલી વાત છે? છતાં તે તેમ વળ્યો છે. બે સમ્રાટો અથવા બે જગદ્‌ગુરુઓ જેમ એકાએક એકબીજાને મળતા નથી, તેમ ગંગા અને બ્રહ્મપુત્રાનું થયેલું દેખાય છે. બ્રહ્મપુત્રા હિમાલયની પેલી પારનું બધું પાણી લઈને આસામમાંથી પશ્ચિમ તરફ આવે છે અને ગંગા આ બાજુથી પૂર્વ તરફ ધસે છે. એમનો સામસામે મેળાપ કેમ થાય? કોણ કોને પ્રથમ નમે અથવા કોણ કોને મારગ આપે? આખરે બંનેએ નક્કી કર્યું કે બંનેએ દાક્ષિણ્ય કેળવી સરિત્પતિનાં દર્શને જવું, અને ભક્તિનમ્ર થઈ, જતાં જતાં બને ત્યાં રસ્તામાં એકબીજાને મળી લેવું.

આમ ગોઆલંદો પાસે જ્યારે ગંગા અને બ્રહ્મપુત્રાનાં વિશાળ જળ ભેગાં થાય છે ત્યારે સાગર આથી જુદો હોતો હશે કે કેમ, એવી શંકા ઉપજે છે. વિજય પ્રાપ્ત કર્યા પછી ઘડાયેલી સેના પણ જેમ અવ્યવસ્થિત થઈ જાય છે અને વિજયી વીરો ફાવે તેમ ફરે છે તેમ હવે પછી આ મહાન નદીઓનું થાય છે. અનેક મુખે તે સાગરને જઈને મળે છે. દરેક પ્રવાહનું જુદું જુદું નામ છે. અને કોઈ કોઈ પ્રવાહને તો એક કરતાં વધારે નામો છે. ગંગા અને બ્રહ્મપુત્રા એક થઈ પદ્માનું નામ ધારણ કરે છે. એ જ આગળ જતાં મેઘનાને નામે ઓળખાય છે.

આ અનેકમુખી ગંગા ક્યાં જાય છે? સુંદરવનમાં નેતરનાં ઝુંડ ઉગાડવા કે સગરપુત્રોની વાસના તૃપ્ત કરી તેમનો ઉદ્ધાર કરવા? આજે જઈને જોશો તો જૂના કાવ્યમાંથી અહીં કશું રહ્યું નથી. જ્યાં જુઓ

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# સાહસોનો સ્વપ્નદૃષ્ટા (જુલેવર્ન)

**- અનુવાદક : મહેન્દ્ર મેઘાણી**

19મી સદીના નવમા દાયકાને એક દિવસે ભરાવદાર રાતાં થોભિયાંવાળો એક આદમી ફ્રાંસના શિક્ષણપ્રધાનની મુલાકાતે ગયેલો. તેના નામના કાર્ડ સામે જોતાં જ શિક્ષણકચેરીના સ્વાગતમંત્રીનું વદન પ્રકાશી ઊઠ્યું. ''વર્ન સાહેબ,'' એક ખુરશી ધરતાં એ બોલ્યો : ''કૃપા કરીને જરા વાર બેસશો? તમે આટલી બધી મુસાફરીઓ કરો છો, તે થાકેલા હશો!''

હા, લેખક જુલે વર્નને તો થાક લાગ્યો જ હોય. અનેક વાર એમણે પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી હતી - એક વાત તો 80 દિવસમાં મહાસાગરના પેટાળમાં એમણે 60,000 માઈલની સફર ખેડી હતી. ચંદ્રલોકની યાત્રા કરી હતી, ધરતીના પેટાળમાં પ્રવાસ કરેલો હતો. ખંડેખંડના આદિવાસીઓ સાથે એમણે વાતો કરેલી હતી. લેખક જુલે વર્ન જ્યાં ન પહોંચ્યા હોય તેવો પૃથ્વીની ભૂગોળનો ભાગ્યે જ કોઈ પ્રદેશ હશે.

પણ માનવી જુલે વર્ન તો બેઠાડુ ઘરકૂકડી જેવા હતા. એમને કોઈ વાતનો થાક લાગ્યો હોય તો તે લખવાનો. આમિયેં ગામના એમના ઘરના ઉપલા મજલાની એક નાની ઓરડીમાં બેઠાં બેઠાં 40-40 વર્ષો સુધી એમણે વરસનાં બેને હિસાબે પુસ્તકો લખ્યે જ રાખ્યાં હતાં.

વર્ન એક સ્વપ્નદૃષ્ટા હતા એટલું જ નહિ, આવતી કાલની આલમની રૂપરેખાના એક મહાન આલેખક હતા. હજી તો રેડિયોની પણ શોધ નહોતી થઈ ત્યાં તેમની કલમે ટેલિવિઝનને કામ કરતું આલેખી નાખ્યું હતું - એનું નામ એમણે 'ફોનો-ટેલિફોટો' પાડેલું. વિમાનના શોધક રાઈટ-બંધુઓ ધરતી ઉપરથી ઊંચે ચડ્યા તે પૂર્વે પચાસ વર્ષે લેખક વર્ન પાસે 'હેલિકોપ્ટર' વિમાનો તૈયાર હતાં. આપણી વીસમી સદીની કોઈક જ એવી અજાયબી હશે કે જેનાં આગમ ઓગણીસમી સદીના આ કલ્પનાશીલ માનવીએ નહીં ભાખ્યાં હોય : સબમરીનો, હવાઈ જહાજો, ગગનચૂંબી ઈમારતો, યાંત્રિક દાદરા, બખ્તરિયા ગાડીઓ. વૈજ્ઞાનિક વાર્તાઓના એ પિતામહ હતા.

હજી તો આવતી કાલે થનારી શોધો વિશે વર્ન એટલી ચોકસાઈભરી વિગતો સાથે લખતા, કે વિજ્ઞાની મંડળોમાં તેની ઉપર ચર્ચાઓ ચાલતી અને વર્ને આપેલા આંકડાઓનો તાળો મેળવવામાં ગણિતશાસ્ત્રીઓ અઠવાડિયાંનાં અઠવાડિયાં ગાળતા.

આગળ જતાં વર્નનાં લખાણોમાંથી પ્રેરણા પામનારા અનેક નામાંકિતોએ તેને અંજલિ આપેલી છે. ઉત્તર ધ્રુવ ઉપર વિમાનમાં ઊડીને પાછા ફરેલા એડમિરલ બર્ડે કહ્યું હતું કે જુલે વર્ન એમના ભોમિયા હતા. ઊંચે અવકાશમાં ને નીચે સાગરના પેટાળમાં હેરત પમાડે તેટલાં અંતરો સુધી પહોંચનારા ઑગસ્ટ પિકાર્ડે, વાયરલેસના શોધક મારકોનીએ અને બીજા અનેકોએ કબૂલ કર્યું છે કે એ બધાં શોધ-સાહસોનો પહેલવહેલો તણખો એમના મગજમાં મૂકનાર એક જ માનવી હતો : જુલે વર્ન.

1828માં જુલે વર્નનનો જન્મ થયો ત્યારે રેલગાડીના જન્મને હજી પાંચ જ વરસ વીત્યાં હતાં; એટલાંટિક મહાસાગર ખેડતી સ્ટીમરોમાં યંત્રો મુકાયાં હતાં, પણ તે ઓચિંતાં ખોટકાઈ પડે તે બીકે જૂના સઢ પણ સ્ટીમરો સાથે જ રાખતી હતી.

પિતાના આગ્રહથી 18 વરસની ઉંમરે જુલે વર્ન પેરિસમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા. પણ એમને કવિતા અને નાટકો લખવામાં વધારે રસ હતો.

એક સાંજે, પેરિસની એક ફેશનેબલ મિજબાનીથી કંટાળીને જુલે વર્ન ઓચિંતા ઊભા થઈ ગયા ને દાદરો ઊતરી ગયા. સીડીને નીચલે છેડે એ પહોંચ્યા ત્યારે બીજા એક સજ્જન પગથિયાં ચઢવા જતા હતા.

'થ્રી મસ્કેટીઅર્સ'ના મશહૂર લેખક એલેક્ઝાન્ડર ડ્યૂમા સાથેની જુલે વર્નની દોસ્તીની ત્યાં, એ સીડીને પહેલે પગથિયે, શરૂઆત થઈ. ડ્યૂમા સાથેની ઓળખાણને પરિણામે નવજુવાન વર્નના જીવનમાં લેખનકાર્યનું કાયમી સ્થાન નિશ્ચિત થઈ ગયું. એ બંનેએ મળીને એક નાટક લખ્યું. પછી, ઇતિહાસ માટે ડ્યૂમાએ જે કાર્ય કરેલું તે પોતે ભૂગોળ માટે કરવાનું વર્ને ઠરાવ્યું.

વર્ન હવે શેરબજારના એક દલાલ બન્યા. એમના સંજોગો સુધરવા માંડ્યા, તે છતાં પુરાણા ઘરમાં રહેવાનું ને લખવાનું એમણે ચાલુ રાખ્યું. સવારના છ વાગ્યે તો એ કામે ચડી જતા ને બાળકોના એસ સામયિક માટે વિજ્ઞાન વિશેના લેખો તૈયાર કરવા માંડતા. દસેક વાગે, એટલે શેરદલાલિયા વાઘા ચડાવીને એ બજારમાં પહોંચી જતા.

જુલે વર્નની પહેલવહેલી ચોપડી હતી. 'બલૂનમાં પાંચ અઠવાડિયા'. પંદર પ્રકાશકોને એ મોકલાયેલી, પણ તે એમણે પરત કરી હતી. ખિજાઈને વર્ને ઘરની સગડીમાં એનો ઘા કરેલો, પણ લેખક-પત્નીએ દોડીને એ ચોપડીને ઉગારી લીધી, ને હજી એકાદ પ્રકાશકને તે મોકલી જોવાનું વચન પતિ પાસેથી મેળવ્યું. સોળમા પ્રકાશકે એને સ્વીકારી ને પ્રગટ કરી.

જોતજોતામાં 'બલૂનમાં પાંચ અઠવાડિયાં' એ તે જમાનામાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની હરોળમાં પોતાનું સ્થાન લઈ લીધું. સુધરેલી દુનિયાની દરેક ભાષામાં તેનો અનુવાદ થયો. 1862માં, એ ચોપડીના ચોત્રીસ વરસના કર્તાની ખ્યાતિ દૂર દૂર સુધી પ્રસરી ગઈ હતી. ત્યારબાદ શેરબજારની વિદાય લઈને, દર વરસે બે નવલકથાઓ લખી આપવાના એક પ્રકાશક સાથેના કરાર પર વર્ને સહી કરી.

વર્નના તે પછીના પુસ્તક 'ધરતીના પેટાળમાં'ના પાત્રો આઈસલેંડ ટાપુના એક જ્વાળામુખીના ડાચા વાટે પૃથ્વીના પેટમાં પ્રવેશ કરે છે, અને સેંકડો સંકટોનો સામનો કરીને ઈટલીના બીજા એક જ્વાળામુખીમાંથી વહેતા લાવા ઝરણા સાથે બહાર નીકળે છે. પૃથ્વીના પેટાળમાં જે કાંઈ બની રહ્યું છે તે વિશેની વિજ્ઞાનની તમામ માહિતી તેમ જ કલ્પનાઓ એ કથામાં ગૂંથાયેલી હતી - ને ઉપર રોમહર્ષણ સાહસનો મસાલો ભભરાવેલો હતો. વાચકો એનાથી ધરાય જ નહિ.

વર્ન દંપતીને ઘેર પુત્ર જન્મ થયો પછી પેરિસમાંથી રહેણાંક ફેરવીને તેઓ આમિયેં ગામે જઈ વસ્યાં. લક્ષ્મીનો પ્રવાહ હવે એમના આંગણમાં વહેવા માંડ્યો હતો. જુલે વર્ને એ કાળની મોટામાં મોટી ગણાતી એક નૌકા ખરીદી, નવું મકાન બાંધ્યું ને તેના ઊંચા મિનારાની ટોચે કોઈ જહાજી કપ્તાનની કેબિન જેવી પોતાની ઓરડી સજાવી. નકશાઓ અને પુસ્તકોનાં થોથાંના ઘેરા વચ્ચે બેઠાં બેઠાં પોતાના જીવનનાં છેલ્લાં ચાલીસ વરસો એમણે ત્યાં વિતાવ્યાં.

જુલે વર્નનાં તમામ સર્જનોમાં કદાચ સહુથી વધુ વિખ્યાત '80 દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા' બનેલું હશે. પેરિસના એક છાપામાં એ ચાલુ વાર્તારૂપે પ્રગટ થતું. ફોગ નામનો તેનો નાયક પોતે લગાવેલી એક શરત જીતવા માટે સમયની સાથે હોડમાં ઊતર્યો હતો.

એ હતી 1872ની સાલ. તે પછી સત્તર વરસે ન્યૂયોર્કના એક છાપાએ નેલી બ્લી નામની ખબરપત્રી પાસે ફોગનો કાલ્પનિક વિક્રમ તોડાવેલો - એ બાઈએ 72 દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી બતાવી. પાછળથી, રશિયામાં સાઇબીરિયા વીંધતી રેલવે

નખાઈ તેને પ્રતાપે, ફ્રાંસના એક વતનીએ 43 દિવસમાં એ પ્રદક્ષિણા કરી બતાવેલી - અને સાઈબીરિયાની આરપાર જનારી એ રેલવેની આગાહી તો જુલે વર્ને વરસો અગાઉ કરી રાખેલી હતી જ!

'સાગર તળે 60,000 માઈલ'માં વર્ને 'નોટિલસ' નામની જે સબમરીનનું સર્જન કરેલું તે વીજળીથી ચાલતી એટલું જ નહિ, સમુદ્રમાંથી જ વીજળી પેદા કરી શકતી - અને બે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ પછીથી એ વસ્તુ પ્રયોગરૂપે સિદ્ધ કરી બતાવી છે. અણુશક્તિ વડે ચાલતી અમેરિકન નૌકાદળની અદ્યતન સબમરીન 'નોટિલસે' અનંત કાળ સુધી સાગરના પેટાળમાં રહી શકવાની જે સિદ્ધિ પહેલી જ વાર હાંસલ કરી તે પણ વર્નની 'નોટિલસ'ને પગલે ચાલીને જ.

આર્ષદ્રષ્ટા તરીકે વર્નને વધુમાં વધુ કીર્તિ અપાવે તેવી એમની એક ચોપડી ઓછામાં ઓછી વંચાઈ છે. એનું નામ છે 'એક અમેરિકન પત્રકારની નોંધપોથી : સન 2890' એ કથામાં ન્યૂયોર્કનું નામ 'વિશ્વનગરી' રાખેલું છે ને તે જગતનું પાટનગર બન્યું છે. 100-100 વાર પહોળા તેના રાજમાર્ગોની બેઉ બાજુએ હજાર-હજાર ફૂટ ઊંચી ઇમારતોની કિલ્લેબંધી ખડી છે. તેમાં પૃથ્વીની આબોહવા સંપૂર્ણપણે માનવીના અંકુશમાં રહે છે, અને ઉત્તર ધ્રુવનાં હિમ-વેરાનોમાં પણ ખેતી થાય છે. વર્નની એ કથાનો નાયક 'વિધિનો છડીદાર' નામનું છાપું ચલાવે છે, ને તેનાં આઠ કરોડ વાચકો છે. એ અખબારના ખબરપત્રીઓ જુદા જુદા ગ્રહ ઉપરથી ટેલિવિઝન વાટે સમાચાર પાઠવે છે, અને તેના ગ્રાહકો પોતાના દીવાનખાનામાં બેઠાં બેઠાં જ બ્રહ્માંડના જુદા જુદા બનાવોનાં દૃશ્યો નિહાળી શકે છે.

આયુષ્યને અંતે વર્નના જીવનમાંથી સુખ ઓસરવા માંડ્યું હતું. સાહિત્ય જગતના પંડિતો એને તુચ્છકારકતા હતા. એ જમાનાના ફ્રેંચ લેખકોમાં વર્નનાં પુસ્તકો સહુથી વધુ વંચાતાં, તે છતાં ફ્રાંસની 'સાહિત્ય-અકદામી'માં તેમને સ્થાન મળ્યું નહોતું. મીઠી પેશાબની બીમારી એમને લાગુ પડી હતી, આંખોનું નૂર આથમવા લાગ્યું હતું. બહેરાશ વધતી જતી હતી. એમની આખરી કૃતિઓ સરમુખત્યારો અને સિતમગરોના આગમનની ભયભીતતાથી ભરેલી હતી.

1905માં જુલે વર્નના પ્રાણ પરલોકને પ્રવાસે ઊપડી ગયા. આલમ આખી એમની મૈયતમાં મોજૂદ હતી - પેલી 'અકાદમી'ના 40 સભ્યો, દેશદેશાવરના એલચીઓ અને સમ્રાટો તથા રાષ્ટ્રપતિઓના ખાસ પ્રતિનિધિઓ. એની કબર ઉપર પ્રશંસાનાં હજારો પુષ્પોનો જે ગંજ ખડકાયો તેમાંથી પેરિસના એક છાપાની આ અંજલિ કદાચ જુલે વર્નના હૈયાની વધુમાં વધુ સમીપ પહોંચી હશે :

'વાર્તા કહેનારા દાદાજી ચાલ્યા ગયા.'

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ થી ચાલુ)

પાસેથી ત્યાગ શીખ. આ સંપૂર્ણ સંસાર મારું ઘર છે. વસુધૈવ કુટુંબકમનો વિશ્વને સંદેશ આપનાર આપણો દેશ ધર્મ, જાતિ કે વર્ગના ભેદભાવ વગર આ ચમત્કારિક અનાજ દ્વારા યુદ્ધો અને દુષ્કાળના ઇતિહાસના એ છૂટા પડેલા પાનાઓને જોડી દઈએ. ભૂખ અને ભીખ તો ભૂંડા છે. આ મિરેકલ મિલેટના ઉત્પાદનથી આપણે ફરજિયાતપણે ભોજનનો ત્યાગ પણ ના કરવો પડે, દેશના અનાજના ગોદામોનો ભંડાર ભરેલો રહે, ખાદ્યાન્ન ચીજો માટે વિદેશો સામે નમતું ના જોખવું પડે અને સમ્માન તેમજ ગૌરવની લાગણી સાથે આપણે વિશ્વમાં ઊભા રહી શકીએ અને ભૂખી ભૂતાવળની વિરુદ્ધતાની સામે માનવતાની જાગૃતિના મંગળ દૃશ્યો સર્જીએ.

**Stay Healthy Stay Happy**

# શિક્ષણ જ છે, જે દેશનું ભાગ્ય બદલી શકે!
## 'શિક્ષણના માધ્યમથી યુગ પરિવર્તનનો કોલ'

- વિઠ્ઠલ વઘાસીયા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂરાં થવાના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અખિલ ભારતીય શિક્ષા સમાગમના ઉદ્ઘાટન પ્રસંગે શિક્ષણ જગતમાં આવી રહેલા બદલાવ વિશે કરી હતી.

આ અવસરે વડાપ્રધાને દેશની 14,500 જૂની શાળાને સ્માર્ટ સ્કૂલ બનાવવા માટે એક પીએમશ્રી 'PMSRI' (પ્રધાનમંત્રી સ્કૂલ ફોર રાઈઝિંગ ઈન્ડિયા) યોજના હેઠળ પાંચ વર્ષમાં 27 હજાર કરોડ ફાળવવાની વાત કરી હતી. જેનો પ્રથમ હપ્તો વડાપ્રધાન મોદીએ જારી કર્યો હતો.

બ્રિટને બીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન વિશ્વનું નેતૃત્વ કર્યું હતું. અમેરિકાએ ત્રીજી ક્રાંતિ દરમિયાન નેતૃત્વ કર્યું હતું. આજે જ્યારે ભારત બ્રિટનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની રહ્યું છે, ત્યારે સમય પાકી ગયો છે કે ભારત ફરી એકવાર જ્ઞાનનું કેન્દ્ર બને અને વિશ્વને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ દોરી જાય. જે નવી ઊભરતી ટેકનોલોજીમાં થઈ રહેલી વૃદ્ધિથી દેખાઈ આવે છે.

દેશમાં શાળાએ જતા 26 કરોડ અને ઉચ્ચ શિક્ષણ મેળવતા ચાર કરોડ વિદ્યાર્થીઓ સાથે વિશ્વમાં ભારતની શૈક્ષણિક પદ્ધતિ સૌથી વિશાળ રહેવા પામી છે. ઈસરોના વૈજ્ઞાનિક રહી ચૂકેલા શિક્ષણવિદ્ કે. કસ્તૂરી રંગનના નેતૃત્વવાળી સમિતિ દ્વારા 34 વર્ષના ગાળા બાદ નેશનલ એજ્યુકેશન પોલીસી 2020નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

21મી સદીના ભારતના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જોઈએ છે, તે વિષય પર નવી શિક્ષણનીતિમાં વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે, વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે, ભારતના નાગરિકોને વધુ સશક્ત બનાવવા માટે પણ આ શિક્ષણ નીતિમાં વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતના વિદ્યાર્થીઓ ભલેને તે બાલમંદિરમાં હોય કે પછી કાલેજમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ ભણી રહ્યા હોય, પણ જો તેઓ ઝડપથી બદલાતા સમય અને ઝડપથી બદલાતી જરૂરિયાતોને અનુલક્ષીને ભણશે તો એ રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું મોટું યોગદાન આપી શકશે. ઘણા વર્ષોથી આપણી શિક્ષણ નીતિમાં કોઈ મોટા ફેરફારો થયા ન હતા. પરિણામે આપણા સમાજમાં જિજ્ઞાસાવૃત્તિ અને કલ્પના શક્તિના મૂલ્યોને પ્રોત્સાહિત કરવાને બદલે ચીલાચાલુ પ્રથાને જ પ્રોત્સાહન મળવા લાગ્યું હતું. ક્યારેક ડૉક્ટર બનાવવાનો તો ક્યારેક ઈજનેર બનાવવાનો તો ક્યારેક વકીલ બનાવવાનો ગાડરિયો પ્રવાહ ચાલ્યો. રસ, ક્ષમતા અને  બાળકના મનને સમજ્યા વગર આંધળા ગાડરિયા પ્રવાહમાંથી શિક્ષણને બહાર નીકળવું જરૂરી હતું. વિવેચનાત્મક વિચારો અને નાવીન્યપૂર્ણ વિચારો વિકસિત કેવી રીતે થાય? આપણા શિક્ષણમાં શિક્ષણ માટે ઉત્કંઠા ન હોય, શિક્ષણનું તત્વજ્ઞાન ન હોય, શિક્ષણનો હેતુ સ્પષ્ટ ન હોય ત્યાં સુધી શિક્ષણ પરિપૂર્ણ ન કહેવાય.

બદલાતા સમયની સાથે એક નવી વિશ્વ વ્યવસ્થા એક નવા રંગરૂપ સાથે ઊભી થઈ રહી છે. એક નવા વૈશ્વિક ધારા-ધોરણ પણ નક્કી થઈ રહ્યા છે. આ હિસાબે ભારતની શિક્ષણ પદ્ધતિમાં જડમૂળથી ફેરફાર થાય એ ખૂબ જ જરૂરી હતું. શાળા અભ્યાસક્રમના 10 + 2 માળખામાંથી આગળ

વધીને 5 + 3 + 3 + 4નું માળખું આપવું એ આ દિશામાં ભરેલું એક ડગલું છે. આપણે આપણા વિદ્યાર્થીઓને વિશ્વ નાગરિક પણ બનાવવાના છે અને એ પણ ધ્યાન રાખવાનું છે કે વિશ્વ નાગરિક બનવાની સાથે સાથે તેઓ પોતાના મૂળિયા સાથે જોડાઈ રહે. જડથી લઈને જગ સુધી, મનુષ્યથી લઈને માનવતા સુધી, અતિતથી લઈને આધુનિકતા સુધીના બધા જ બિંદુઓનો સમાવેશ કરીને આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું સ્વરૂપ ઘડાયું છે. આ વાતમાં કોઈ વિવાદ નથી કે, બાળકના ઘરની બોલી અને શાળામાં ભણાવાતી ભાષાનું માધ્યમ એક જ હોવાથી બાળકોના શીખવાની પ્રક્રિયા ગતિ ઘણી સરળ અને ઝડપી થાય છે. જ્યાં સુધી સંભવ થાય ત્યાં સુધી બાળકોને પાંચમા ધોરણ સુધી તેમની માતૃભાષામાં જ ભણાવવાની સહમતિ આપવામાં આવી છે. એનાથી બાળકોની સમજણનો પાયો તો મજબૂત થશે જ સાથે સાથે તેમના ભણતર માટેનો પાયો પણ મજબૂત થશે.

નવી શિક્ષણ નીતિમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. દેશની દરેક ભાષાને સન્માન આપવામાં આવશે. 22 ભારતીય ભાષામાં 130 વિષયો માટે પુસ્તક અમલમાં આવશે. વૈશ્વિક ભાષા અંગ્રેજી શીખવામાં તેને માધ્યમ તરીકે અપનાવવામાં પણ સ્વભાષાનો દ્રોહ નથી. પરંતુ કમનસીબે આપણે ત્યાં  છેલ્લા કેટલાક સમયથી ભાષાની જે અવગણના થઈ રહી છે, એ આપણે જોઈ રહ્યા છીએ. ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોનો અભ્યાસ તેમજ વિજ્ઞાન પ્રવાહમાં અધ્યયન એ જ સિદ્ધિ, એવો એક ખ્યાલ શિક્ષણનું વ્યાપારીકરણ કરનારઓએ વાલી અને વિદ્યાર્થીનાં મનમાં ઘુસાડી દીધો છે. ભાષાનું પોતાનું મહત્ત્વ છે. કોઈપણ પ્રવાહમાં ભણાય પરંતુ ભાષાને ન ભૂલાય. નવી શિક્ષણનીતિમાં એન્જિનિયરિંગ અને તબીબી વિજ્ઞાન જેવા અભ્યાસક્રમો પણ ભારતીય ભાષામાં ભણાવવાની વાત છે. વિદ્યાર્થીઓ ભાષા માટે નહીં તો પણ આ વિષયો માટે પણ ભાષા શીખશે, એવું આશ્વાસન ચોક્કસ લઈ શકીએ.

નવી શિક્ષણ નીતિમાં રમત આધારિત શિક્ષણશાસ્ત્ર પર ભાર મૂકવામાં આવ્યો છે. જે ત્રણથી આઠ વર્ષ સુધીનાં બાળકો માટે છે. આ શિક્ષણ માળખામાં સંવાદ, કથા કથન, વાર્તા, સંગીત, કળા, હસ્તકલા, ગેમ્સ, કુદરતી સ્થળોની મુલાકાત તેમજ રમકડાં અને અન્ય સામગ્રી સાથે સંવાદ સક્રિયતા જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નેશનલ કરીકલુમ ફ્રેમ વર્ક ફોર ફાઉન્ડેશન સ્ટેજ (એસીએફ-એફએસ) પર આધારિત વર્ગ એક અને બે માટેનાં પાઠ્યપુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે. જે 2026 સુધીમાં પાયાની સાક્ષરતા અને આંકડા જ્ઞાનના નિપુણ ભારત મિશનને હાંસલ કરવા તરફનું એક કદમ છે.

ઉપર ઉલ્લેખ થયા મુજબ આગામી રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા સાથે સાંકળી લેવામાં આવનારા 150 જેટલા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાશે. આગામી અભ્યાસક્રમ માળખું ઓછામાં ઓછા 22 ભારતીય ભાષાઓમાં વિકસિત કરવામાં આવશે. આમ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 હેઠળના બહુભાષીય શિક્ષણના સંકલ્પને ઉત્તેજન આપવામાં આવશે. પાઠ્યપુસ્તકોની ડિજિટલ આવૃત્તિઓ પીએમ ઈ-વિદ્યા દ્વારા ઉપલબ્ધ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિની ખરી ભાવનાનું પ્રતિનિધિત્વ કરતાં રાઈઝીંગ ઈન્ડિયા માટે પીએમ સ્કૂલો ભારતભરમાં સ્થાપવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં વ્યવસાયિક શિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શાળા કક્ષાએ કૌશલ્ય કાર્યક્રમ દાખલ કરવા સમગ્ર શિક્ષણ અને સ્કિલ ઈન્ડિયા મિશનને જોડવામાં આવી રહ્યું

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# સ્વતંત્રતાની સાથે સાથે ભાષા પરિવર્તન

- અશોક સોમપુરા

### ભાગ-1

આપણા દેશમાં પરદેશી સત્તા લાંબો સમય રહી. તેમણે આપણાં ઉપર રાજ કર્યું. તેમનાં લાંબા સમયના રાજ વહીવટે આપણાં વ્યક્તિત્વ અને આપણી વિચારધારા ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. આપણી સાથેના તેમના વર્તનને લીધે આપણી પ્રજામાં જે આત્મશ્રદ્ધા અને મૌલિકતા હતી તે ધીરે ધીરે નષ્ટ થવાના આરે આવીને પહોંચી. બ્રિટિશરોના જુલમને લીધે ગુલામ બનેલા આપણે સૌ વિકાસ અને ગૌરવ માટે મહત્ત્વની ગણાતી સંસ્કૃતિ અને બુદ્ધિની દૃષ્ટિએ આપણે ખૂબ નીચા છીએ એમ માનવા લાગ્યા. એમાંય વળી ઊંચ-નીચ, ગરીબ-તવંગર જેવા દૂષણોએ પણ માઝા મૂકી. આવી સ્થિતિમાં થોડો ઘણો વર્ગ એમ પણ માનતો થયો કે જો આપણે પશ્ચિમની રીતભાત નહિ અપનાવીએ તો આપણે ક્યારેય વિકાસ નહિ કરી શકીએ. ક્યારેય ઊંચે નહિ આવી શકીએ. આપણે ગુલામ છીએ અને ગુલામ જ રહીશું. આ પ્રકારની મનોદશાની બહુ જ ખરાબ અસર આપણી માનવજાત ઉપર પડી. આવી મનોદશા ધરાવતો વર્ગ પશ્ચિમની વિવિધ રીત-ભાત અને સંસ્કૃતિ અપનાવતો થયો. તેમના દૈનિક જીવન, સામાન્ય જીવન, પહેરવેશ, અભ્યાસ અને તેમની ભાષા ઉપર આ અસર મોટાપાયે દેખાવા લાગી.

કેટલાક દેશપ્રેમી નાગરિકો અને કાર્યકરોએ આ અંગે ચિંતા વ્યક્ત કરી. આવી વિચારધારાવાળા સમૂહોનો વર્ગ ધીરે ધીરે મોટો થતો ગયો. તેમણે શરૂઆતમાં સ્વદેશી બાબતોના સ્વીકારને અગ્રક્રમ આપ્યો. આમ થવાથી ધીરે ધીરે પહેરવેશ જુદી જુદી રીતભાત અને શિક્ષણ ઉપર પણ આની સારી અસર દેખાવા લાગી. સાથે સાથે માતૃભાષાના શિક્ષણનો સ્વીકાર કરવાનો પણ આગ્રહ શરૂ થયો. આથી ધીમે ધીમે માતૃભાષા સંસ્કૃતિ, ધર્મ અને રાષ્ટ્ર માટે ગૌરવ લેનારાઓ વધ્યા. આ પ્રકારની વિચારસરણી ધરાવતો સમૂહ બહાર આવવા લાગ્યો. મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય સંસ્થાઓ સ્થાપવા માટેની ઝુંબેશનું આહ્‌વાન કર્યું. આથી અનેક સ્થળોએ સ્વદેશી ભાવનાઓનું પ્રભુત્વ વધવા લાગ્યું. સ્વદેશી પોશાકનો મહિમા વધ્યો. હાથ મિલાવવાની જગ્યાએ હાથ જોડી નમસ્કાર કરવાના વ્યવહારે જોર પકડ્યું.

### ભાગ-2

માતૃભાષાને હવે આદર મળવાની શરૂઆત થઈ. માતૃભાષામાં ભણવું-ભણાવવું એ વાત પ્રચાર-પ્રસાર પામી. તેમાં ગૌરવ લેવાની વાતને પણ સ્થાન મળવા લાગ્યું. આ ધીમી ગતિએ ચાલતી ચળવળે રાષ્ટ્રપ્રેમ માટે વધારો કર્યો. રાષ્ટ્રીય શાળાઓમાં અંગ્રેજી ભાષાની સાથે રાષ્ટ્રભાષા અને માતૃભાષાના ભણતર ઉપર ભાર મૂકવા લાગ્યો. ભણેલો અને નોકરિયાત વર્ગ પણ આ પ્રકારના ભણતર માટે સહકાર આપતો થયો. ભારતને આઝાદ કરવા માટેના અનેક આંદોલનની સાથે સામાજિક અને રાજકીય રીતે સ્વદેશી ચીજ-વસ્તુને અપનાવવાનો અને માતૃભાષાના ભણતર અને ઉપયોગ કરવાની પ્રથાએ વેગ પકડ્યો. આ પ્રકારની ચળવળે દેશને આઝાદી અપાવવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બન્ને રીતે પણ ફાળો આપ્યો.

રાષ્ટ્રીય ઘડતરની વિકાસની ગતિમાં માનવ વ્યવહાર અને ભણતર-ઘડતરમાં ભાષાઓનું પ્રમાણ ક્યાંક ક્યાંક વધારે તો ક્યાંક વળી ઓછું જોવા મળ્યું.

### ભાગ-3

સમય જતાં વળી અંગ્રેજી ભાષાનો ઉપયોગ વધ્યો. અંગ્રેજી ભાષામાં બોલવું, વ્યવહાર વહીવટ કરવા એ એક પ્રતિષ્ઠાનો વિષય બની રહ્યો. વેપાર, ધંધા, રોજગાર, વ્યવસાય, કોર્ટ કચેરી, બેંકો, વીમા કંપનીઓ, ખાનગી એકમો અને સરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં તેમજ રાજવહીવટમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં થવા લાગ્યો. આજે પણ આ ભાષાને ઉપયોગ અગ્રસ્થાને છે. વળી, અંગ્રેજી ભાષાએ તેની ઉપયોગિતા પણ સિદ્ધ કરી આપી. તેના ઉપયોગ વિના ઘણાં અગત્યના કામો અને પત્ર-વ્યવહારો અટકી પડ્યા હોય તેવા અનુભવો જોયા-સાંભળ્યા છે. આવા સંજોગોમાં અંગ્રેજી ભાષાની મર્યાદાની ચર્ચા બહુ અસરકારક સાબિત ન થાય એ સ્વાભાવિક છે.

### ભાગ-4

માતૃભાષાની અવગણના કરીને કે પછી તેને સાવ બિનજરૂરી સમજીને અંગ્રેજી ભાષાને પ્રાધાન્ય આપવામાં ઘણાં ગેરલાભ છે. ''કોઈ કામ અટકતું નથી. વિકાસ અને પ્રગતિ થયા કરે છે. હોદ્દાઓમાં માન-પાન મળ્યા કરે છે. અંગ્રેજી ભાષાના બહોળા ઉપયોગને કારણે આર્થિક સ્થિતિ સારી રહે છે.'' આવી સ્થિતિ અને મનોદશાને કારણે આપણે મૂળ સંસ્કૃતિથી દૂર થતા જઈએ છીએ.

માતૃભાષાની એક આગવી વિશિષ્ટતા છે. તે ઉપયોગી બની રહે તેમાં કોઈ વિવાદ હોઈ શકે નહિ. માતૃભાષાના દરેક શબ્દનું એક આગવું સ્થાન હોય છે. ઘણાં શબ્દોમાં સમાજના ખ્યાલો, ભાવના, વ્યક્તિ શું કહેવા માંગે છે તેના વિચારો અને લાગણી પણ જોડાયેલી જોવા મળે છે. આવા શબ્દો કાને પડતાની સાથે જ એના ઊંડા સ્વરૂપનો ખ્યાલ અને વિચારો મનમાં ઉપસી આવે છે. તેના વિવિધ અર્થો પણ આપણાં મનમાં જાગૃત થાય છે. જ્યારે પરદેશી ભાષાનો શબ્દ એના વિવિધ ભાવો ઊભા કરતો નથી. અલબત્ત, પરદેશી ભાષાનું પણ એક આગવું સ્વરૂપ અને અસરકારકતા હશે. પરંતુ ઘણાય શબ્દોમાં તે અસરકારકતા આપણે અનુભવી શકતા નથી. એ ભાષા બિનઉપયોગી છે એમ માનવું પણ જરાય યોગ્ય નથી. જે તે સ્થાને તેનું મહત્ત્વ સ્વીકારી શકાય.

ક્યારેક અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકને આવા અંગ્રેજી શબ્દ અને તેની સાથેના વાક્યને સમજવા ઘણા અઘરા થઈ પડે છે. આ ભાષાને સમજવામાં પોતાની માતૃભાષા કરતા વધારે સમય લાગે છે. તેમાં શ્રમ પણ પડે છે. સમયનો વધારે બગાડ થાય છે. સમયનો આવો વધારે પડતો બગાડ સરવાળે તેને અભ્યાસમાં પાછો પાડી દે એવું પણ બને છે.

સામાન્ય રીતે માતૃભાષાના ઘણાં શબ્દો સાથે તેના સંસ્કાર સંકળાયેલા હોય છે. જ્યારે અંગ્રેજી ભાષાના શબ્દનો અર્થ માત્ર જાણવાથી તેના સંસ્કાર-વારસાનો લાભ જાણવા મળતો નથી. આ ગેરલાભ વિદ્યાવ્યાસંગી માટે ઘણો મોટો બની શકે છે. અંગ્રેજી ભણેલા કેટલાય લોકો તે ભાષાના ઉપયોગથી ધારી પ્રગતિ કરી શકે છે. પણ તે ભાષા અને જે તે શબ્દ સાથે સંકળાયેલા સંસ્કારધનને પામી શકતા નથી. આ અંગે વસવસો કરતા ઘણાં માણસોને આપણે જોયા સાંભળ્યા અને અનુભવ્યા છે.

પોતાની માતૃભાષા સાથે શિક્ષણ પામેલા માણસમાં તેના અમુક વ્યક્તિગત સંસ્કાર અલગ તરી આવે છે. તેના વ્યવહારમાં આપણને અનુભવ થતો હોય છે. આવા માણસોનું મૂલ્યાંકન પ્રમાણિકપણે કરતા ઘણાં ઊંચા હોદ્દાવાળા માણસો કે સમાજનો અમુકવર્ગ કરતા અચકાય છે. આવો વર્ગ પરદેશી કલ્ચરવાળા માણસોની વાહવાહ કરતા હોય છે. તેઓ પરદેશી ભાષાના મહત્ત્વને સમયનો તકાજો ગણી અને

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષણનો સાચો ધર્મ

- ગોવિંદ દરજી 'દેવાંશુ'

પરીક્ષાની સીઝનમાં વિદ્યાર્થીઓની મનોસ્થિતિ વિચારવા જેવી હોય છે. 'પરીક્ષા' શબ્દ કાને પડતાં તે ક્યારેક અવઢવમાં મૂકાય છે. અન્ય વ્યક્તિઓ માટે 'સામાન્ય' સ્થિતિ પ્રવર્તે છે પણ વિદ્યાર્થી માટે તો અસામાન્ય સ્થિતિ અનુભવાય છે. પરીક્ષારૂપી ચિંતાનાં વાદળો તેને ઘેરી વળે છે. ક્યારેક તેજસ્વી પણ મનના ઢીલા વિદ્યાર્થીઓ માટે આવી જ 'અવદશા' હોય છે. 'નબળા' વિદ્યાર્થીઓ માટે તો ખરી જ. છતાં નબળા વિદ્યાર્થીઓ જે રીતે પરીક્ષાનો સામનો કરે છે તે આપણા સૌને માટે પણ અવનવી લાગણીઓ અનુભવવા જેવી સ્થિતિ હોય છે.

સમર્થ ધોરણ દસમાં અભ્યાસ કરે છે. તેના અભ્યાસનું 'લેવલ' મધ્યમ. થોડો વધુ રમતિયાળ પણ ખરો. પરીક્ષા નજીક આવતી જાય ને તેને ચિંતા જેવું લાગ્યા કરે. મેં તેને કહ્યું, 'ભલે પરીક્ષા નજીક આવે છે. ચિંતા નહીં કરવાની. હા, મહેનત પૂરી ધગશથી કરવાની' તે સાંભળ્યા કરે. આ વાત તેને વારંવાર ના કરી. કદાચ તેને ટકોર લાગે.

એક વખત મેં તેને વાતવાતમાં કહ્યું, 'જો, તું મહેનત કરે છે એટલે પાસ તો થવાનો જ છું.' આમ તો તે 60-70 ટકા લાવનાર ખરો. છેવટે મેં કહ્યું, 'જો પરીક્ષામાં જેટલા ટકા આવે તેટલા સ્વીકારવાનો.' વળી કહ્યું, 'તને ખબર છે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ નાપાસ થયેલા.' આ હકીકત સાંભળીને તેને નવાઈ લાગી. એ તો કૈંક વિચારોમાં જાણે ડૂબી ગયો. ચહેરા પર સહેજ ખુશીની-સ્મિતની રેખાઓ દોરાઈ.

વાત આમ છે. 'પરીક્ષા'ને વધારે તો વાલીવર્ગે (માતા-પિતા વગેરે) બિહામણું રૂપ બનાવ્યું છે. કોઈ વાલી પોતે ડૉક્ટર કે એન્જિનિયર હોય એટલે પોતાનું સંતાન પણ એન્જિનિયર બને. આવા સ્વપ્નો સેવનાર વાલીવર્ગ ખૂબ જ મોટી ભૂલ કરે છે. પોતાના સંતાનને ખોટી રીતે દોડાવીને અંતે ચાલી પણ નહિ શકે એવી સ્થિતિમાં મૂકાય તો નવાઈ નહિ.

એકબીજાની સરખામણીએ પણ સંતાનની કારકીર્દિનો 'દાટ' વાળે છે. પડોશમાં રહેતા પ્રણવ જેટલા ટકા તારે કેમ ન આવે? આવું ઓછા ટકા લાવનાર પોતાના સંતાનને કહીને તેને નિરુત્સાહી કરી મૂકે છે. પોતે પ્રણવ જેટલો હોશિયાર નથી એટલે તેનું મન ખટકે છે. આપણને તો જે 'ખોટું સત્ય' લાધ્યું તેને જ ઠોકાડી દેવામાં આવે છે. સંતાનને તેના મનની શક્તિ વિશે કોઈ જ વાત કરવામાં આવતી નથી.

આવા સમયે તો જગત પર શાસન કરી ગયેલા એવા મહામૂલા વ્યક્તિઓના જીવન જોવા જોઈએ, તેમના દૃષ્ટાંત આપવા જોઈએ. જેમ કે મહાન સિકંદર પણ ખાસ ઊંચો કે પડછંદ નહોતો. એ જમાનામાં હાથોહાથ લડાઈ થતી હતી અને પડછંદ શરીર અગત્યનું ગણાતું. એ જમાનામાં તે માંડ સાડા પાંચ ફૂટનો હતો. હિટલરની ઊંચાઈ પણ બહુ નહોતી. ચર્ચિલ જાડો હતો છતાંય ઈંગ્લેન્ડનો વડોપ્રધાન બન્યો. મહાત્મા ગાંધીજી પણ સૂકલકડી હતા. વગેરે...વગેરે...

આવી વ્યક્તિઓના દાખલા-દૃષ્ટાંત આપવાથી નાસીપાસ વિદ્યાર્થીઓમાં આશાનું કિરણ પ્રગટે છે અને કદાચ ડિગ્રીની ઊંચાઈ (ઉપાધિ)એ ગયેલા કરતાં અન્ય રીતે મેળવેલ સિદ્ધિવાળા વિદ્યાર્થીઓ

જગતમાં નામ રોશન કરે છે. શાળા-મહાશાળાઓમાં પણ આ અંગે અવારનવાર ચર્ચા થવી જોઈએ. જેથી પરીક્ષાની વિઘાતક અસરોમાંથી 'નબળા' વિદ્યાર્થીઓ બહાર આવી શકે અને પોતાની શક્તિ મુજબ યથોચિત પ્રગતિ કરી સંતોષ મેળવી શકે અને નામના પણ. બાલ્ઝાર્કે લખ્યું છે કે માણસોનાં બધાં જ સુખો તેના પગના તળિયાં અને માથાની ખોપરી વચ્ચે આવેલાં છે.

આમ, પરીક્ષાનો હાઉ હોય, પરીક્ષાથી ડરતા હોય તેવા વિદ્યાર્થીઓનાં મનને મજબૂત કરવા એજ પ્રથમ શિક્ષણનો સાચો ધર્મ છે.

(સી-5, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હોલ પાછળ,
ઘોડાસર, અમદાવાદ - 380050)
મો. 9428118007

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ થી ચાલુ)

ત્યાં શણનાં ગૂણિયાં બનાવનારી મિલો અને એવાં જ બીજાં ભમરાળાં કારખાનાં. જ્યાંથી હિંદી કારીગરીની અસંખ્ય વસ્તુઓ હિંદી વહાણમાં લંકા અથવા જાવાદ્વીપ સુધી જતી એ જ રસ્તે હવે વિલાયતી અને જાપાની આગબોટો પરદેશી કારખાનામાં બનેલો કચરો માલ હિંદુસ્તાનનાં બજારોમાં ભરી દેવા માટે આવતી દેખાય છે. ગંગામૈયા પહેલાંની પેઠે આપણને અનેક જાતની સમૃદ્ધિઓ અર્પ્યે જાય છે, પણ આપણા નબળા હાથ તે ઝીલી શકતા નથી.

ગંગામૈયા! આ દૃશ્ય જોવાનું તારા નસીબમાં હજી ક્યાં સુધી હશે?

સાભાર-કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ)

છે. આ ઉપરાંત અનોખું નેશનલ ક્રેડિટ ફ્રેમ વર્ક દાખલ કરવામાં આવ્યું છે. આ ક્રેડિટ વિદ્યાર્થીના એકેડેમિક એકાઉન્ટમાં માન્યતા માટે જમા થશે.

જ્ઞાન પ્રાપ્ત કરવામાં ભાષાના બંધનોને દૂર કરવા માટે અનેક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ હવે અનેક ભારતીય ભાષાઓમાં ટેકનિકલ પ્રોગ્રામ્સ આપી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવાં અનુવાદ સાધનો હવે વિવિધ ભારતીય ભાષાઓમાં પાઠ્યપુસ્તકોના અનુવાદને સુગમ બનાવી રહ્યાં છે.

શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ માટે ભારતીય શૈક્ષણિક સંસ્થાઓ વિદેશોમાં કેમ્પસ ઊભા કરી રહી છે. ઝાંઝીબાર-તાંઝાનિયામાં કેમ્પસના આયોજન સાથે આઈઆઈટી મદ્રાસ વૈશ્વિક કદમ ઉઠાવી રહી છે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યુએઈમાં આઈઆઈટી દિલ્હીની સ્થાપના કરવા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. નામાંકિત વિદેશી વિદ્યાપીઠો ગુજરાતનાં ગિફ્ટ સિટીમાં કેમ્પસ સ્થાપી રહી છે.

આમ ઉભરતા અર્થતંત્ર માટે જ્ઞાન આધારિત સમાજ ઊભો કરવાનું માર્ગદર્શન પૂરું પાડવાની સંભાવના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ધરાવે છે.

**- વી. ડી. વઘાસિયા**
(38, ગુંજન પાર્ક, વિમલનગર મેઈન રોડ, ઑફ
કાલાવડ રોડ, રાજકોટ-360 005)

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ થી ચાલુ)

એવા શિક્ષકો છે કે જેઓ આપણને ધર્મનું જ્ઞાન આપે છે. પરંતુ જ્યારે આપણે શિક્ષક શબ્દ ઉચ્ચારીએ છીએ ત્યારે મોટેભાગે આપણા મનમાં નિશાળમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરનારા લોકો જ હોય છે, આપણે જે આધ્યાત્મિક ગુરુઓની વાત કરી તેઓ તો પરિવર્તન લાવે જ છે, અને સમગ્ર વિશ્વને બદલે છે, પણ સામાન્ય શિક્ષકોનું શું? શું તેઓ પણ પથદર્શક બની શકે? એ પણ પ્રશ્ન ઊઠે છે કે આપણે કેવા પરિવર્તનો ઈચ્છીએ છીએ અને બીજો પ્રશ્ન આ સંદર્ભમાં એ પણ ઊઠે છે કે શું ખરેખર આપણને પરિવર્તનની જરૂર છે ખરી?

# મતભેદ અને શિષ્ટતા

- કાકાસાહેબ કાલેલકર

સામાજિક જીવનનું મામૂલી વ્યાકરણ પણ જેઓ નથી જાણતા તેઓ કોઈ કોઈ વખત પક્ષાંધ થઈ જાય છે, અને ભિન્ન મત રાખનારને તેઓ પોતાના દુશ્મન માને છે. વિવાદમાં જે હારે તેના મોંમાં ધૂળ ભરનાર શાસ્ત્રીઓથી આપણે પરિચિત છીએ. પોતાના વિરોધીઓને ઝેર પાનાર લોકોના કિસ્સા પણ ઈતિહાસમાં મોજૂદ છે. જેનામાં આપણે નિષ્ઠા મૂકી તેની દરેક વાતને માની લેવી, તેના દોષનું પણ સમર્થન કરતા રહેવું, અને જેને વિરોધી માની લીધા તેમને દુશ્મન સમજી જમીનદોસ્ત કરવાનો પ્રયત્ન કરવો, એ વૃત્તિ મનુષ્યજીવનની અત્યંત અસંસ્કારી અને પ્રાથમિક અવસ્થાનું ચિહ્ન છે. એવા લોકો અહિંસાનું માહાત્મ્ય તો શું, તેનો અર્થ પણ સમજી શકતા નથી. અહિંસાવાદી જૈનોમાં પણ જ્યારે લોકો વાદમત્ત બને છે, ત્યારે પ્રતિપક્ષીનો કોઈ પણ રીતે નાશ કરવાને તૈયાર થઈ જાય છે.

સામાજિક જીવનમાં જ્યાં ચર્ચા મારફતે લોકમત સંગઠિત કરવામાં આવે છે અને જનતાને શિક્ષણ આપવામાં આવે છે, ત્યાં એ વાતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે, જ્યાં મતભેદ થાય ત્યાં દુશ્મની માની લેવી કે પેદા કરવી ન જોઈએ. વ્યક્તિગત સ્નેહસંબંધ જીવનનાં અગણિત તત્ત્વોને લીધે સ્થાપિત થાય છે. કેવળ મતભેદને લીધે એનો વિચ્છેદ કરી દેવો, અને પોતાની સજ્જનતા છોડી દઈ કેવળ વેર જ વેર શરૂ કરવું એ અસંસ્કારિતા અને પ્રાથમિક અવસ્થાનું ઘોતક છે.

ધાકધમકી, મારપીટ આદિ હીન વ્યાપારોમાં ધર્મનો ખ્યાલ દાખલ કરી ક્ષાત્રધર્મનું વિધાન કરવામાં આવ્યું. સૂતેલા શત્રુને ન મારવો, કમરથી નીચે પ્રહાર ન કરવો, શત્રુનાં બાળબચ્ચાં પર આઘાત ન કરવો, શત્રુની સ્ત્રીઓનું વચનથી પણ અપમાન ન કરવું, શરણાગતને મારી ન નાખવો, ગાળો બોલીને પોતાના મુખદ્વારને નરકકુંડ ન બનાવવું, સૂર્યાસ્ત પછી (અને શીત પ્રદેશોમાં બરફની ઋતુમાં) યુદ્ધ બંધ રાખવું, નક્કી કરેલા એક સમયે મરેલા વીરોનાં શબને દાટવા માટે એકબીજાએ સુલેહથી ભેગા મળી કામ કરવું વગેરે નિયમોએ ક્ષાત્રધર્મને જલ્લાદના હત્યારા કર્મથી ઉન્નત બનાવ્યો. સામાજિક પક્ષભેદના ઝઘડાઓમાં પણ એવા શિષ્ટમાન્ય સદાચારના નિયમ હોય છે. પણ જેમને ચોરાશી લાખ યોનિઓમાં પહેલી જ વાર મનુષ્યદેહ મળ્યો છે તેઓ એ મર્યાદાઓ સમજી શકતા નથી.

કોઈએ મને ગાળ દીધી તો હું સામી ગાળ દઈ પોતાના મોઢાને અને ચિત્તને અપવિત્ર શા માટે બનાવું? હીનતાની હોડમાં વિજય મેળવવાનો શોખ મને શા માટે થાય? સજ્જનતા કાંઈ 'પ્રતિયોગી ધર્મ' નથી. એ સાર્વભૌમ ધર્મ છે.

દૂરદષ્ટિથી જોવામાં આવે તો આજે જેઓ આપણા વિરોધી છે, તેમની સાથે કદાચ કાલે સહકાર કરવો પડશે એ આપણે કેમ ભૂલીએ? ઓછામાં ઓછું આપણું આચરણ તો એવું રહેવું જોઈએ. જ્યારે આજના પ્રતિયોગીઓની સાથે કાલે સહકારનો સુઅવસર આવે ત્યારે એમની સામે જોવામાં આપણે શરમથી મોં નીચું ન કરવું પડે

અથવા બેશરમીની ઠાવકાઈ બતાવવી ન પડે. બજારુ લોક ભલેને સજ્જતાને કમજોરી માનતા હોય પણ એથી કોઈનેયે હાનિ નથી થઈ.

આજના પ્રતિયોગીઓની સાથે કાલે સહકારનો સુઅવસર આવે ત્યારે એમની સામે જોવામાં આપણે શરમથી મોં નીચું ન કરવું પડે અથવા બેશરમીની ઠાવકાઈ બતાવવી ન પડે. બજારુ લોક ભલેને સજ્જનતાને કમજોરી માનતા હોય. પણ એથી કોઈનેયે હાનિ નથી થઈ.

જ્યાં મતભેદ કે પક્ષભેદ છે, ત્યાં આપણો જીવનસંબંધ અબાધિત રાખવાની વિશેષ કોશિશ કરવી જોઈએ. પણ જ્યાં મતભેદ કે કોઈ બીજા કારણથી આપણો મિત્ર કે વિરોધી સજ્જનતા છોડી દે, ખુદ પોતાને અને સમાજને નીચે પાડતો હોય, ત્યાં લોભ કે મોહને વશ થઈ અથવા સામાજિક જીવનના ભૂલભરેલા આદર્શથી પ્રેરાઈ જો આપણે તેની સાથે જીવનસહયોગ ચાલુ રાખીએ, તો તેય સામાજિક જીવનનો દ્રોહ છે. જ્યાં સુધી હીનતા નષ્ટ નથી થઈ અને સમાજદ્રોહ ચાલુ છે ત્યાં સુધી પ્રેમપૂર્વક પણ પોતાનું પૂરું બળ વાપરીને વિરોધ અને અસહકાર કરવો જ જોઈએ. નહીં તો આપણા નૈતિક જીવનનો કોઈ જ અર્થ નહીં રહે.

જો મતભેદ થતાં જ પરસ્પર સદ્વ્યવહાર અને શિષ્ટાચારનો અંત થઈ જાય તો સમાજમાંથી ચિત્તની ઉદારતા અને બુદ્ધિનો અનાગ્રહ સદાને માટે લોપ પામે. કોઈની સાથે મતભેદ થતાં જ જો આપણે એના હરેક વચન પર અવિશ્વાસ કરવા જોઈએ, એના હરેક વ્યવહારને ફક્ત ઢોંગ સમજીએ, તો મતભેદ દૂર થતાં આપણે એકદમ તેને વિશ્વાસપાત્ર અને ઈમાનદાર કેવી રીતે સમજી શકીએ? પણ આજે સમાજમાં એવાં જ દૃશ્યો જોવા મળે છે. બે માણસો જ્યાં સુધી એક જ અભિપ્રાયના હોય છે, ત્યાં સુધી એકબીજાને ભલેને તેઓ જૂઠ્ઠા અને ધૂર્ત માનતા હોય, તોપણ તેમની વાતોનું સમર્થન ઘણા આગ્રહથી કરે છે. તેનું કારણ એ છે કે સાર્વજનિક જીવનમાં મતભેદનો શિષ્ટતા સાથે કોઈ સંબંધ જ નથી રહ્યો. એક માણસ જે આજે મારા સામા પક્ષનો છે, અને તેથી મારી નજરમાં દગાબાજ, જૂઠ્ઠો અને દુષ્ટ છે, એ જ માણસ જો કાલે કોઈ કારણથી મારા પક્ષનો થઈ જાય તો તે એકદમ સજ્જન અને વફાદાર મનાય છે. હું એટલો વિચાર પણ નથી કરતો કે જો કાલે આ જ માણસ દુર્જન અને કપટી હતો તો આજ એનું મારા પક્ષમાં સામેલ થવું શું એનાં કપટપ્રપંચ, ધૂર્તતા અને અવસરસાધકતાનું અંગ ન હોઈ શકે? જો મતભેદ એ આપણા વિચાર અને મનનનું પરિણામ હોય, તો તેનો અંત (પરિણામ) પરસ્પર અવિશ્વાસ અને દ્વેષમાં કદી ન આવી શકે. જેની સાથે આપણો મતભેદ થઈ જાય, એને આપણે ભદ્ર પુરુષ માનવાનું છોડી દઈએ, અથવા એના દરેક કામને શક ભરેલી નજરે જોઈએ અને એના પ્રત્યેક બોલને, દ્વેષમૂલક, સ્વાર્થપૂર્ણ અને ભ્રમમૂલક માનવા જ તૈયાર રહીએ, તો વિચારસ્વાતંત્ર્ય અને મતસ્વાતંત્ર્યનો સમાજમાંથી નાશ થઈ જશે. બે માણસોનો મતભેદ જો શુદ્ધ અને પ્રામાણિક હોય, તો તેમણે પોતાની જિંદગી જ નહીં પણ પોતાની ઈજ્જત પણ એકબીજાને સોંપતાં જરા પણ અચકાવું ન જોઈએ. મતભેદનો અર્થ છે ભિન્ન દર્શન. ભલેને આપણી દૃષ્ટિએ બીજાઓનું દર્શન અપૂર્ણ અથવા ભ્રાંતિજન્ય અને તર્કદોષિત હોય, પણ આપણે એની પ્રામાણિકતા પર અવિશ્વાસ કદી ન કરવો જોઈએ. ભિન્ન મતવાળાઓને ચાલબાજીવાળા કે અસભ્ય સમજવા એ એક પ્રકારની અશિષ્ટતા છે. જો આપણે પોતાના મતને શાસ્ત્રશુદ્ધ અને ન્યાયસંગત સમજતા હોઈએ, તો આપણને બીજાઓ પર અસત્ય કે છળનો આરોપ

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષકના પ્રકારો

- સ્વામી નિખિલેશ્વરાનંદ

અંગ્રેજીમાં શિક્ષક માટે Teacher શબ્દ છે. જ્યારે સંસ્કૃતમાં શિક્ષક માટે ગુરુ શબ્દ છે. ગુરુ એ બે અક્ષરોનો બનેલો શબ્દ છે. ગુ અને રુ. ગુ એટલે અંધકાર અને રુ એટલે એવો પ્રકાશ કે જે અંધકારને દૂર કરે છે. શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે જોતાં ગુરુનો અર્થ થાય છે, અંધકારને દૂર કરનાર. શિક્ષક કરતાં પથદર્શક શબ્દ ગુરુને માટે યોગ્ય ગણાવી શકાય. મુંડક ઉપનિષદ પ્રમાણે બે પ્રકારની વિદ્યા છે, પરા અને અપરાવિદ્યા. આપણે જે કંઈ શીખીએ છીએ એટલે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ઈતિહાસ, જીવવિજ્ઞાન વગેરે અને એ સાથે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ અને વેદોનો અભ્યાસ પણ અપરા વિદ્યામાં આવી જાય છે. જ્યારે પરાવિદ્યા એટલે આત્મજ્ઞાન કે જે ભૌતિક જગતથી પર છે. દુર્ભાગ્યે આપણે વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં જે કંઈ જ્ઞાન મેળવીએ છીએ તે અપરાવિદ્યા છે. આનો અર્થ એ થયો કે ભલે આપણને સમગ્ર વિશ્વમાં જ્ઞાન હોય પણ આપણે આપણી જાતને જ જાણતા હોતા નથી. આ આત્મજ્ઞાન કે જે પરમ સત્તાનું જ્ઞાન છે, તે સ્થળ કાળ અને કારણથી પર છે, એ જ પરાવિદ્યા.

પ્રાચીનકાળમાં ગુરુકુળોમાં શિષ્યોને આ બંને પ્રકારની વિદ્યાઓ એક સાથે શીખવવામાં આવતી હતી. પરંતુ આજના યુગમાં આપણે જોઈએ છીએ કે આધુનિક શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર અપરાવિદ્યા જ શીખવવામાં આવે છે. પરંતુ પરાવિદ્યા ક્યાંય શીખવવામાં આવતી નથી. આત્મસાક્ષાત્કાર અને બ્રહ્મજ્ઞાનની સંપૂર્ણપણે ઉપેક્ષા કરવામાં આવી છે. એટલું જ નહીં પણ ગુરુનો સાચો અર્થ પણ ભૂલાઈ જવાયો છે, અને એ શબ્દને વધારે સસ્તો બનાવી દેવામાં આવ્યો છે. આપણે એ શબ્દનો મેનેજમેન્ટ ગુરુ, કરાટે ગુરુ, સંગીત ગુરુ વગેરે પ્રકારે ઉપયોગ કરીએ છીએ. પણ સાચો ગુરુ ખરેખર તો આપણને અંધકાર અને અજ્ઞાનમાંથી દિવ્ય પ્રકાશમાં લઈ જાય છે અને આત્મજ્ઞાન કરાવે છે.

શ્રીરામકૃષ્ણ કહેતા કે સચ્ચિદાનંદ જે એકમાત્ર ગુરુ હોઈ શકે. તો ઈશ્વર કઈ રીતે જ્ઞાન આપે? તેઓ મનુષ્યને બે રીતે જ્ઞાન આપે છે. એક તો સૂક્ષ્મ રીતે અને બીજી સ્થૂળ રીતે. સૂક્ષ્મ રીતે તેઓ મનુષ્યને અંતરમાંથી પ્રેરણા આપે છે અને સ્થૂળ રીતે ક્યારેક તેઓ અવતાર સ્વરૂપે અથવા પયગમ્બર સ્વરૂપે આવીને જ્ઞાન આપે છે. જેમ કે રામ, કૃષ્ણ, શંકરાચાર્ય, ઈસુ ખ્રિસ્ત, મહમ્મદ પયગમ્બર, ગુરુનાનક, બુદ્ધ, મહાવીર વગેરે. વર્તમાનમાં સહુથી વધારે નજીકના અવતાર છે, શ્રીરામકૃષ્ણદેવ. તેમણે ભૌતિકવાદ, ઉપભોક્તાવાદ, જડવાદી સભ્યતાના પરિબળોમાંથી સર્જાયેલી સમસ્યાઓના નિરાકરણ માટે અવતાર ધારણ કર્યો હતો. તેમની સાથે શ્રીમા શારદાદેવી અને સ્વામી વિવેકાનંદ પણ આવ્યા હતાં.

ગુરુની બીજી શ્રેણીમાં કબીર, મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરે જેવા સંતોને આપણે મેળવીએ છીએ. પછી આપણી પાસે રહેલા છે, એવા જાગ્રત આત્માઓ કે જેમણે સત્યને પ્રાપ્ત કરીને જીવનમાં ઊતાર્યું છે, તેઓ પણ ગુરુ બને છે; અને આપણને આધ્યાત્મિક જ્ઞાન આપે છે. પછી આપણી પાસે

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# શિક્ષણ સમાચાર

અશોકભાઈ સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે.

**- તંત્રીઓ**

**ધોરણ-9 થી 12ની ગ્રાન્ટેડ શાળાઓમાં સ્ટેમ, કોમ્પ્યૂટર લેબ સ્માર્ટ ક્લાસ બનાવાશે :**

મિશન સ્કૂલ આફ એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની ધોરણ-9 થી 12ની ગ્રાન્ટેડ શાળાઓમાં સ્ટેમ લેબ, કોમ્પ્યૂટર લેબ અને સ્માર્ટ ક્લાસ સહિતની ડિઝીટલ સુવિધાઓ પૂરી પાડવા માટે સરકારના શિક્ષણ વિભાગે ઠરાવ કર્યા છે. જેમાં રાજ્યની 90 થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ગ્રાન્ટેડ શાળાઓને લાભ થશે. સરકારે 2020-21ના બજેટમાં આ બાબતે જોગવાઈ કરી હતી. જે અંતર્ગત પ્રાથમિક શાળાઓ બાદ સરકારે હવે માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં આ સુવિધાઓ આપવા માટે ઠરાવ કર્યા છે.

**ગુજરાતના 2.18 લાખ શિક્ષકોને ત્રણ તબક્કામાં CPR તાલીમ અપાઈ :**

ગુજરાતના શિક્ષકોને ત્રણ તબક્કામાં CPR તાલીમ આપવામાં આવી હતી. જે અંતર્ગત ત્રીજી ડિસેમ્બરે યોજાયેલા પ્રથમ તબક્કામાં 86 હજારથી વધુ શિક્ષકોને, 17મી ડિસેમ્બરે બીજા તબક્કાની તાલીમમાં 77 હજારથી વધુ શિક્ષકોને, તેમજ ત્રીજા તબક્કાની તાલીમમાં બાકી રહેલા 53 હજાર 800થી વધુ શિક્ષકોને CPR ની તાલીમ આપવામાં આવી છે. આમ રાજ્યમાં કુલ ત્રણ તબક્કામાં કુલ 2.18 લાખ જેટલા શિક્ષકોને CPR તાલીમ અપાઈ છે.

**અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનું 1094 કરોડનું ડ્રાફ્ટ બજેટ :**

અમદાવાદ મ્યુનિસપિલ સ્કૂલબોડનું 1094 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ થયું હતું. આ બજેટમાં ગયા વર્ષની તુલનામાં 27 કરોડનો વધારો કરવામાં આવ્યો છે. રૂપિયા 947 કરોડ જેટલી રકમ પગાર અને પેન્શન પાછળ ખર્ચાશે. વિદ્યાર્થી વિકાસ તથા શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ 67 કરોડ જ્યારે શાળા માળાખીય સુવિધા પાછળ રૂપિયા 80 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ક્યાં કેટલી રકમનો ખર્ચ કરાશે.

| હેડ | રકમ રોકડમાં | ટકા |
|---|---|---|
| એસ્ટાબ્લીશમેન્ટ | 94683.10 | 86.55 |
| વિદ્યાર્થી વિકાસ | 6715.00 | 6.14 |
| શાળા માળખાકીય | 8001.90 | 7.31 |

- સ્કૂલ મેનેજમેન્ટ કમિટીથી લઈ શ્રેષ્ઠ શાળા-વિદ્યાર્થીને સનમનિત કરાશે.
- ભગવત ગીતા સાર શ્લોકોનું લેખન-પઠન કરાવાશે.
- માતૃભાષા સજ્જતા કાર્યક્રમ માટે પાંચ લાખની જોગવાઈ.

**સી.એ. ફાઈનલનું 9.42 ટકા પરિણામ અમદાવાદના 7 વિદ્યાર્થી ટોપ 50માં :**

આઈસીએઆઈ દ્વારા નવેમ્બર-2023માં

લેવાયેલી સીએ ફાઈનલ અને ઈન્ટરમીડિએટ પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં સીએ ફાઈનલનું સમગ્ર દેશનું 9.42 ટકા પરિણામ રહ્યું છે. જ્યારે ઈન્ટરમીડિએટનું 9.73 ટકા પરિણામ રહ્યું છે. ફાઈનલમાં અમદાવાદના 8 વિદ્યાર્થી દેશના ટોપ 50 ઓફ ઈન્ડિયા રેન્કમાં આવ્યા છે. જ્યારે ઈન્ટરમીડિએટમાં એક વિદ્યાર્થી દેશમાં બીજા ક્રમે આવ્યો છે. અમદાવાદના કુલ 8 વિદ્યાર્થી દેશના ટોપ 50 ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન પામ્યા છે.

**ફાઈનલ અને ઈન્ટરના ટોપર્સ**

| ફાઈનલ | રેન્ક | ઈન્ટર | રેન્ક |
|---|---|---|---|
| ચિરાગ અસવા | 09 | તનય ભગેરિયા | 02 |
| દિપ શાહ | 35 | ખુશી મુન્દ્રા | 04 |
| રાઘવ જિંદાલ | 39 | જલધિ વોરા | 13 |
| નિકિતા સોમાઈ | 41 | અંશિકા જૈન | 24 |
| હષિક વ્યાસ | 47 | વેદ પ્રજાપતિ | 41 |
| રોનિત શાહ | 49 | શ્રુતિ ઠક્કર | 41 |
| અનુરાગ ગુપ્તા | 50 | લાલા કામિલ | 42 |
| | | માનવ પટેલ | 45 |

**સી.એ. બનનારા વિદ્યાર્થી ઘટ્યા 8650 જ ક્વોલિફાઈ થયા :**

સી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફાઉન્ડેશન પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીએ ઈન્ટરમીડિએટ અને ત્યારબાદ ફાઈનલ પરીક્ષા પાસ કરવાની હોય છે. ફાઈનલમાં બંને ગ્રુપનની પરીક્ષા પાસ કરે તે જ વિદ્યાર્થી સી.એ.માં ક્વોલિફાઈ થાય છે. એટલે કે સી.એ. તરીકેની ડિગ્રી માટે લાયક થાય છે. નવેમ્બર-2023ની પરીક્ષા બાદ કુલ 8650 વિદ્યાર્થી સીએ તરીકે ક્વોલિફાઈ થયા છે. ગત મે ની પરીક્ષા બાદ દેશભરમાં 12825 અને નવેમ્બર-2022ની પરીક્ષા બાદ દેશમાં 13430 વિદ્યાર્થી સીએ તરીકે ક્વોલિફાઈ થયા હતા. આમ સી.એ થતા વિદ્યાર્થી ઘટ્યા છે.

**વિદ્યાર્થીઓના નામ સહિતની માહિતી આપવાનો આદેશ :**

નવી શિક્ષણનીતિ અંતર્ગત ભારત સરકારે દેશભરની શાળાઓમાં 2030 સુધીમાં પ્રાથમિકથી માંડી માધ્યમિક સુધી પ્રવેશ દર 100 ટકા કરવાનો ટારગેટ નક્કી કર્યો છે. ત્યારે સરકાર દ્વારા યુનિફાઈડ ડિસ્ટ્રીક્ટ ઈન્ફરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન એટલે કે યુડાયસના ફોરમેટને વધુ મજબૂત કરવામાં આવ્યું છે. ગયા વર્ષે યુડાયસનું ફોરમેટ સરકારે બદલ્યા બાદ 2023-24 માટે ધોરણ 1 થી 12ના વિદ્યાર્થીઓના નામ સહિતની તમામ વિગતો યુડાઈસ ફોરમેટમાં ઓન લાઈન જમા કરવા માટે આદેશ કરાયો છે. જે શાળાઓ માહિતી નહિ આપે તેની માન્યતા રદ કરાશે.

**ડિપ્લોમાંથી ડિગ્રી ઈજનેરીની પ્રવેશ પરીક્ષાના નવા સિલેબસની જાહેરાત :**

ડિપ્લોમા ઈજનેરી બાદ ડિગ્રી ઈજનેરીમાં બીજા વર્ષમાં સીધા પ્રવેશ માટેની ઓન લાઈન કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત 2024-25થી પરીક્ષા લાગુ કરવામાં આવનાર છે. ત્યારે આ પરીક્ષા માટેના સિલેબસમાં મોટી મૂંઝવણ ઊભી થઈ હતી. અગાઉ જાહેર કરાયેલા સિલેબસમાં ડિપ્લોમા ઈજનેરીના કેમેસ્ટ્રી પાર્ટના 50 માર્કસના પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. પરંતુ ઘણી બ્રાન્ચોમાં કેમેસ્ટ્રી ભણાવાતું જ ન હોવાથી આ મુદ્દે ડિપ્લોમા કોલેજ એસોસિએશને રજૂઆત કર્યા બાદ આ સિલેબસ બદલવામાં આવ્યો છે. જે મુજબ હવે ધોરણ-10ના અભ્યાસક્રમમાંથી 20 માર્કસનું પૂછવામાં આવશે અને બેઝિક એન્જિનિયરીંગના 20 માર્કસ તથા ફિઝિક્સના 60 માર્કસ રાખવામાં આવશે.

**NET - માં 58 હજારથી વધુ પાસ ગુજરાતીમાં માત્ર 71 પાસ થયા :**

યુનિવર્સિટીની કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર માટેની અને જુનિયર રિસર્ચ ફ્લોશીપ માટેની નેશનલ એલિજિબિલીટી ટેસ્ટ (નેટ)નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પરીક્ષા આપનારા 6.95 લાખથી વધુ ઉમેદવારોમાંથી 58 હજારથી વધુ ઉમેદવારો પાસ થયા છે. જ્યારે ગુજરાતી વિષયમાં માત્ર 71 ઉમેદવારો જ પાસ થયા છે. અહો વૈચિત્ર્યમ્!

**ટૂંકાવીને....**

- યુનિવર્સિટીઓ અને કાલેજો બાદ હવે ડિપ્લોમા કૉલેજોને પણ સ્વાયતતા મળશે.
- કૉલેજોએ ત્રણ વર્ષમાં યુજીસીની માન્યતા મેળવી લેવી ફરજિયાત રહેશે.
- નવા ક્રેડિટ કરિક્યૂલમ ફ્રેમવર્ક અંતર્ગત કૉલેજોમાં સ્કિલ એબિલીટી કોર્સની પરીક્ષા મૌખિક લેવાશે તે માટેના નિયમો જાહેર થયા.
- CAT માં ગુજરાતના એક વિદ્યાર્થીને 100 અને અને 70 થી વધુને 99 PR
- અધ્યાપકોને સમગ્ર નોકરીમાં ઉચ્ચ અભ્યાસ માટે બે વર્ષની રજા મળશે.
- ગુજરાતની 9 થી 12ના ગ્રાન્ટેડ શાળાઓના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી ચાલુ)

માતૃભાષાને ઓછું મહત્ત્વ આપતા હોય છે. તે યોગ્ય નથી એમ માતૃભાષાના પ્રેમીઓએ સમજાવવું જોઈએ.

પોતાના સંસ્કાર અને સંસ્કૃતિમાં વ્યક્તિને સ્વસ્થતા, આત્મસંતોષ અને આનંદ મળે છે. ભારતીય સંસ્કારથી નિર્લેપ રહેનારને આવા સંસ્કારની ખોટ વરતાય છે. પોતાની સંસ્કૃતિ, ખાનદાની, સંસ્કાર અને સારી જીવનશૈલીની જરૂર અનાદિકાળ સુધી મૂલ્યવાન ગણાશે એ નિર્વિવાદ છે.

વર્તમાન સમયમાં આર્થિક રીતે સદ્ધર કે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા મા-બાપો પોતાનું બાળક અંગ્રેજી માધ્યમમાં જ ભણે એમ ઈચ્છે છે. ભણતરના ભારમાં તેનું બાળપણ છીનવાઈ જાય છે. આજે ઘણાંય બાળકોમાં તેની મૌલિકતા મરી પરવારી છે. કુદરતી રમતો અદશ્ય થઈ છે. ત્યારે આ બાબતે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે.

અંતમાં દરેક માનવીના હૃદયમાં પોતાના રાષ્ટ્ર માટે સાચો પ્રેમ, પોતાની માતૃભાષા માટેનું માન-ગૌરવ વધતા રહો એવી આશા સાથે.

**- અશોક સોમપુરા**

(184, તપોવન સો. વિ.2, અનિલ સ્ટાર્ચ રોડ, સરસપુર, અમદાવાદ-380018)

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી ચાલુ)

કરવાની જરૂર ન હોવી જોઈએ. એ તો એક રીતે પોતાની કમજોરી કબૂલ કરવા બરાબર છે. એનો ચોખ્ખો અર્થ એ છે કે આપણી પાસે દલીલોનો અભાવ છે, આપણી બુદ્ધિ કુંઠિત થઈ ગઈ છે, અને તેથી હવે આપણે સ્વાભાવિક છીછરાપણાનો આશ્રય લઈ વાદમર્યાદાનું ઉલ્લંઘન કરીએ છીએ. મૂળમાં જેની વિચાર કરવાની રીત આપણાથી જુદી હોય, તેની પ્રતિષ્ઠા અને આત્મસન્માનની કદર આપણે કરવી જોઈએ. સભ્ય વાદવિવાદની એ મૂળ મર્યાદા છે. જેની સચ્ચાઈ અને હેતુની નિર્મળતાના સંબંધમાં આપણને સંદેહ હોય, તેની સાથે આપણે વાદવિવાદ જ કેવી રીતે કરી શકીએ? એ તો એક ચરિત્રહીન અને અસભ્ય સમાજદ્રોહી છે, જેના પર આપણે દયા ખાવી જોઈએ. આજે બે માણસ મતભેદને લીધે એકબીજાને અનીતિમાન, દુરાચારી અને દગાબાજ સમજે છે અને મતભેદ દૂર થતાં જ ફરી એકબીજાની પ્રશંસા કરવા લાગે છે, એ તો આપણા સામાજિક જીવનના પતનનું લક્ષણ છે. જે દિવસે મતભેદ, વ્યક્તિગત સ્નેહસંબંધ અને પરસ્પર શિષ્ટ વ્યવહારનો સમન્વય થશે, તે જ દિવસે આપણું સામાજિક જીવન શુદ્ધ અને વિકાસોન્મુખ થશે.

(કાલેલકર ગ્રંથાવલિ-૨માંથી)

## સરસ્વતી વિદ્યામંડળની જુદી-જુદી શાળાઓમાં યોજાયેલ રમતોત્સવ











**ઘરશાળા**
**માર્ચ-૨૦૨૪**

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-



## મુરબ્બી શ્રી રઘુભાઈ નાયક

**૧૫ ઑગષ્ટ ૧૯૦૭ - ૩૧ માર્ચ ૨૦૦૩**

આજે માનવીય સંબંધોમાં ચોમેર ગેરસમજ, ઘર્ષણ, અશાંતિ, ઈર્ષ્યા અને કડવાશ વધેલા દેખાય છે. એની પાછળ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની ગેરસમજ, અવિશ્વાસ, પૂર્વગ્રહ, વ્યક્તિની પોતાની માનસિક ગ્રંથિઓ, વલણ અને અજ્ઞાન જવાબદાર છે. આની પાછળ આપણો વધુ પડતો અહમ્ કારણભૂત હોય છે. આપણે આપણું મન સમજીએ. આપણાં વલણો તંદુરસ્ત બનાવીએ. વિવિધ પ્રકારની પાયા વગરની ગ્રંથિઓ અને પૂર્વગ્રહો ઓળખીએ અને તેમાંથી મુક્ત થઈ શકીએ તો આપણું સમૂહજીવન વધારે આનંદમયી બની રહે. નકારાત્મક વલણો ખોળી કાઢીને, વિધેયાત્મક વલણ વિકસાવવા સદાય પ્રયત્નશીલ રહીએ જ. લોકશાહીની ઉત્તમ ભાવના દરેક નાગરિકના જીવનમાં ઉતરે એ જરૂરી છે. આ કામ 10 થી 20 વર્ષની ઉપરના છોકરા-છોકરીઓમાં કોઈ સરસ રીતે રોપી શકે તો તે મા-બાપો અને શિક્ષકો છે. ઘરના દરેક વર્તન-વ્યવહારમાં લોકશાહીની ભાવના દરેક વાલીઓએ રાખવી જોઈએ.

**માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭**
**મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,**
**૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું**